بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ



રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા. رَبِّ زِدْنِيْ عِلْمًا وَّارْزُقْنِيْ فَهْمًا

અર્થ : અય મારા રબ ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી અતા કર.




સરપરસ્ત
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

Vol.-2, Isuue-1, November-2014

વર્ષ : ૩૪ સળંગ અંક : ૩૯૭

Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com

સંપાદક મંડળ

આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા
તંત્રી : કાસમભાઈ વિજાપુરા - ૯૪૨૬૫૪૧૪૭૨
સહતંત્રી : 'માસૂમ' મહેરપુરી - ૯૬૮૭૬૭૯૫૧૩
મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)
સલાહ-માર્ગદર્શન : મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી (સિધ્ધપુર)
લેસર&ગ્રાફિક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા - ૯૯૨૫૭૩૦૧૦૭

વ્યવસ્થાપક મંડળ

વ્યવસ્થાપક : ઈબ્રાહીમભાઈ વાઘ - ૯૪૨૮૬૪૬૪૭૬
સહવ્યવસ્થાપક : અકબરઅલી મસી - ૯૮૨૫૪૯૭૧૭૮
અનવરઅલી મતિયા

કાર્યાલયનું સરનામું

'જાફરી આવાઝ' (માસિક)
મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન - ૩૮૩૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬


## લેખાનુક્રમ


| | |
|---|---|
| ઊઘડતે પાને | 3 |
| કુરઆન શિક્ષણ | 7 |
| અહાદીસ | 9 |
| પીરિ પીરાં, શાહે શાહાં, યા અલી મુશ્કિલકુશા | 11 |
| ગડમથલ | 14 |
| કરબલા : જીવનની એક પ્રેરણા | 15 |
| અસ્માઉલ હુસ્ના | 18 |
| THE TRAGEDY | 19 |
| ઈબાદાત | 21 |
| મશાયખવાણી | 24 |
| નહજુલ અસરાર | 27 |
| જાફરી પંચાંગ | 30 |
| બ્લૉગ | 31 |
| રોજી માટેની કોશિશની સાથે ઈબાદત | 33 |
| કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | 37 |
| સર્વશ્રેષ્ઠ સ્મરણ | 39 |
| મીર અનીસના મરસિયા | 43 |
| એપિટમિ ડેરી | 47 |
| જ્ઞાનગોષ્ઠિ | 49 |
| આપણા ઘરની વાતો | 51 |
| 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | 54 |


## ઊઘડતે પાને...

કરબલાની કરુણાન્તિકા !

એક ગોઝારો હત્યાકાંડ !

માનવજાત આ હત્યાકાંડને કદી પણ ભૂલી નહીં શકે. એટલે જ તો દર વર્ષે કરબલાવાળાઓની યાદને દોહરાવવામાં આવે છે. કરબલાનો જંગ એટલે -

હકની સામે બાતિલનો જંગ.

જબ્રની સામે સબ્રનો જંગ.

હેવાનિયતની સામે ઈન્સાનિયતનો જંગ.

યઝીદિયતની સામે હુસૈનિયતનો જંગ.

...અને છેવટે તો હકનો જ ડંકો વાગે છે, સત્યનો જ વિજય થાય છે. બાતિલનો સદંતર નાશ થાય છે.

અહીં કરબલાની કરુણાન્તિકાના બહુ ઓછા જાણીતા એક પ્રસંગ તરફ પ્રકાશ ફેંકવામાં આવ્યો છે.

કૂફામાં દરબાર ભરેલો છે.

ઈબ્ને ઝિયાદ બેઠેલો છે.

બાજુમાં ઈમામ હુસૈન (અ.)નું સર મુબારક છે.

કેદીની હાલતમાં અહલેહરમ છે.

સૈયદ ઈબ્ને તાવૂસ રિવાયત બયાન કરે છે કે ત્યાર પછી ઈબ્ને ઝિયાદ મિમ્બર પર ગયો અને અલ્લાહની હમ્દો સના કરી અને પોતાની વાતચીતમાં તેણે એવું પણ કહ્યું,

"હમ્દ છે તે અલ્લાહની કે જેણે હકને અને હકવાળાઓને ફતેહ આપી અને અમીરુલ મોમિનીન અને તેના ટેકેદારો અને અનુયાયીઓની મદદ કરી અને (મઆઝલ્લાહ ) જૂઠાને અને જૂઠાના દીકરાને કતલ કરી નાખ્યો."

હજુ તો તે વધુ કહેવા પામ્યો ન હતો ત્યાં તો અબ્દુલ્લાહ બિન અફીફ અઝદી કે જે નેક શીઆઓમાંથી હતા અને જેમની એક આંખ જંગે જમલમાં અને બીજી આંખ જંગે સિફ્ફીનમાં અંધ થઈ ગઈ હતી અને તેઓ કૂફાની મોટી મસ્જિદમાં ખિદમત બજાવતા હતા અને રાત દરમિયાન ઈબાદતમાં મશગૂલ રહેતા હતા, તે એકદમ ઊભા થઈ ગયા અને કહેવા લાગ્યા,

"અય મરઝાનાના દીકરા ! તું ય જૂઠ્ઠો છે અને તારો બાપ પણ જૂઠ્ઠો છે. વળી તને અહીં બેસાડ્યો છે તે ય જૂઠ્ઠો છે અને તેનો બાપ પણ જૂઠ્ઠો છે. અય અલ્લાહના દુશ્મન ! શું તું અંબિયાની ઓલાદને કતલ કરે છે અને વળી મોમિનોના મિમ્બર પર બેસીને આવી વાતો પણ કરે છે ?"

રાવી કહે છે કે આ સાંભળીને ઈબ્ને ઝિયાદ ગુસ્સે થઈ ગયો અને કહેવા લાગ્યો,

"આવું બોલનારો કોણ છે ?"

અબ્દુલ્લાહે જવાબ આપ્યો,

"અય અલ્લાહના દુશ્મન ! હું (પયગમ્બર (સ.) ની) એ પાક આલના ગુણ ગાનારો છું કે જેમનાથી અલ્લાહે નાપાકીને દૂર રાખી છે અને જેમને તેં કતલ કરેલ છે. તેમ છતાં ય તું પોતે મુસ્લિમ હોવાનું ગુમાન કરે છે ? અરેરે ! ક્યાં ગઈ મુહાજિરો અને અન્સારોની ઓલાદ કે જે તમારા લા'નતીના દીકરા લા'નતી બાગી (યઝીદ)નું વેર લેતી નથી ?"

રાવી કહે છે કે આ સાંભળીને ઈબ્ને ઝિયાદના ગુસ્સાનો પારો સાતમા આસમાને પહોંચી ગયો એટલે સુધી કે તેની ગરદનની નસો પણ ફૂલી ગઈ અને તેણે કહ્યું,

"તેને મારી પાસે લઈ આવો."

બધી દિશાઓમાંથી પાસવાનો તેમની તરફ દોડી આવ્યા, પરંતુ બની અઝદ કબીલાના સરદારો કે જે તેમના પિત્રાઈ ભાઈઓ હતા, તેમણે અબ્દુલ્લાહનું પાસવાનોથી રક્ષણ કર્યું અને તેમને મસ્જિદની બહાર લઈ જઈને તેમના ઘેર સુધી પહોંચાડી દીધા.

ઈબ્ને ઝિયાદે કહ્યું,

"જાઓ અને અઝદના તે આંધળા માણસને મારી પાસે લઈ આવો કે જેનું દિલ તેની આંખોની માફક અલ્લાહ દ્વારા આંધળું થઈ ગયું છે."

તેઓ બધા તેમના ઘર તરફ આગળ વધ્યા અને જ્યારે બની અઝદના લોકોએ આ જાણ્યું તો તેઓ યમનના કબીલાની સાથે તેમનું રક્ષણ કરવા માટે એકઠા થઈ ગયા. જ્યારે ઉબૈદુલ્લાહને આ સમાચાર મળ્યા તો તેણે બની મઝર કબીલાના લોકોને ભેગા કર્યા અને મોહંમદ બિન અશઅસની આગેવાની હેઠળ તેમની સામે લડવા મોકલ્યા.

રાવી કહે છે કે તેમની વચ્ચે ઘમાસાણ લડાઈ થઈ અને સંખ્યાબંધ અરબો કતલ થઈ ગયા. ઈબ્ને ઝિયાદના સૈનિકો અબ્દુલ્લાહ બિન અફીફના ઘરના દરવાજા સુધી પહોંચી ગયા અને દરવાજાને તોડી નાખીને ઘરની અંદર ઘૂસી ગયા.

આ જોઈને તેમની દીકરીએ બૂમ પાડીને કહ્યું,

"અય બાબા ! જેમનો તમને ડર હતો તે લોકો આવી ગયા."

તો અબ્દુલ્લાહે કહ્યું,

"ગભરાઈશ નહીં, મને મારી તલવાર મારા હાથમાં આપી દે."

અબ્દુલ્લાહ બિન અફીફના હાથમાં તલવાર આપવામાં આવી અને પોતાનું રક્ષણ કરતાં કરતાં કહેવા લાગ્યા,

"હું બબ્બે ફઝીલતો ધરાવનારાઓનો દીકરો છું, પાક અફીફનો. અફીફ મારા બાપ છે જ્યારે મારી મા ઉમ્મે આમીર છે. તમારી પાસે કેટલા બખ્તર પહેરેલા અને કબા પહેરેલા બહાદુરો છે કે જેમને મેં કતલ કરી નાખ્યા છે અને ધૂળ ચાટતા કરી દીધા છે."

રાવી કહે છે કે તેમની દીકરી આવું કહેતી જતી હતી,

"અય બાબા ! કાશ ! હું મરદ હોત તો આજના દિવસે તમારી સામે એ ફાજિરો સાથે કે જેઓ પાક ઈતરતના કાતિલો છે, તેમની સાથે જંગ કરત."

રાવી કહે છે કે તે મલઊનોએ તેમને બધી બાજુએથી ઘેરી લીધા હતા અને તેઓ તેમને પોતાનાથી દૂર રાખતા હતા. પછી તો કોઈ માણસ અબ્દુલ્લાહ ઉપર કાબૂ મેળવી શકયો નહીં. જ્યારે પણ તેઓ કોઈ બાજુએથી આવતા તો તે ખાતૂન કહેતી હતી,

"બાબા ! દુશ્મનો આ તરફ આવ્યા છે."

એટલે સુધી કે તેઓ ખૂબ વધારે થઈ ગયા અને તેમને ઘેરી લીધા તો તેમની દીકરીએ કહ્યું,

"હાય, ઝિલ્લત અને બદનામી, મારા બાપને ઘેરી લીધા છે અને તેમાંનો કોઈ મદદગાર એવો નથી કે જેમની પાસે તે મદદ માગે."

પછી તો જનાબે અબ્દુલ્લાહ પોતાની તલવાર ઘૂમાવતા હતા અને કહેતા હતા,

"ખુદાની કસમ, જો મારી જોવાની દ્રષ્ટિ દુરસ્ત થઈ ગઈ હોત તો તમારા માટે મને ઘેરી લેવો મુશ્કેલ બની જાત."

રાવી કહે છે કે સૈનિકોએ ફરીથી તેમના ઉપર હુમલો કર્યો અને તેમની ધરપકડ કરી લીધી અને તેમને ઉબૈદુલ્લાહ બિન ઝિયાદની પાસે લઈ ગયા.

ઈબ્ને ઝિયાદે કહ્યું,

"હમ્દો સના કરું છું એ અલ્લાહની કે જેણે

તમને શરમિંદા કરેલ છે.''

અબ્દુલ્લાહ બિન અફીફે તેને સણસણતો જવાબ આપ્યો,

''અય અલ્લાહના દુશ્મન ! હું કેવી રીતે શરમિંદો થયો છું ? કેમ કે જો મારી દ્રષ્ટિ પાછી આવી જાય તો મને ઘેરવો મુશ્કેલ બની જાત.''

ઈબ્ને ઝિયાદે કહ્યું,

''અય અલ્લાહના દુશ્મન ! ઉસ્માન (બિન અફ્ફાન) વિષે તારો શું ખયાલ છે ?"

તેમણે જવાબ આપ્યો,

''અય હલાજના ગુલામની ઓલાદ ! અય મરજાનાના બેટા !''

આટલું કહીને તેમણે તેના વિષે ભલુંબૂરું કહ્યું અને પછી જણાવ્યું,

''તારે અને ઉસ્માન બિન અફ્ફાફ્ને વળી શું સંબંધ છે ? તેમણે ભલું કર્યું હોય કે બૂરું કર્યું હોય, તેમણે સુધારણા કરી હોય કે ફસાદ કર્યો હોય, અલ્લાહ તબારક વ તઆલા બધી મખ્લૂકનો સરપરસ્ત છે. તે તેમના અને ઉસ્માનની વચ્ચે અદ્દલ અને હક અનુસાર ફેંસલો કરશે. પરંતુ તું મને તારા વિષે અને તારા બાપ વિષે અથવા યઝીદ અને તેના પિતા વિષે પૂછી શકે છે.''

ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે કહ્યું,

''અલ્લાહની કસમ, હું તને કોઈ પણ બાબતમાં સવાલ નથી કરતો એટલે સુધી કે તું મોતની સજા ચાખી લે કે જે તારા ગળામાં ફસાઈ ગયું છે.''

અબ્દુલ્લાહ બિન અફીફે કહ્યું,

''બધી હમ્દ આલમીનના રબ અલ્લાહ માટે જ છે. યાદ રાખ કે હું તો મારા પાલનહાર અલ્લાહ પાસે એવી તમન્ના રાખતો હતો કે તે મને શહાદતની નેઅમત અતા ફરમાવે એ પહેલાં કે તું તારી માના પેટથી જન્મ્યો પણ ન હતો, વળી મેં એવી તમન્ના પણ રાખેલી કે તે મને મખ્લૂકમાંથી તેની દ્રષ્ટિએ સૌથી વધારે મલઊન અને તિરસ્કારપાત્ર હોય એવા માણસના હાથે આ કાર્યથી નવાજે. પરંતુ જ્યારે મારી આંખો અંધ થઈ ગઈ તો મેં આવું થવાની આશા ગુમાવી દીધેલી, પરંતુ હું હમ્દ કરું છું એ અલ્લાહની કે જેણે મને નિરાશા પછી પણ શહાદતથી નવાજ્યો છે અને હવે મને લાગે છે કે મારી જૂની પુરાણી તમન્ના પૂરી થવાની છે."

ઈબ્ને ઝિયાદે હુકમ કર્યો ,

''આનું માથું ઉડાવી દો.''

તેમણે અબ્દુલ્લાહનું સર કાપી નાખ્યું અને ખારા પાણીના ખાબોચિયાવાળા મેદાનમાં તેમને ફાંસી પર લટકાવી દીધા. (અલ્લાહ તઆલા તેમના ઉપર પોતાની રહેમતો અને બરકતો નાઝિલ કરે.)

શેખ મુફીદનું બયાન છે કે જ્યારે પાસવાનોએ અબ્દુલ્લાહ બિન અફીફ્ને ગિરફ્તાર કર્યા તો તેમણે અઝદ કબીલાનું સૂત્ર અને નાઅરો બુલંદ કર્યો તો તેમનામાંના ૭૦૦ માણસો ભેગા થઈ ગયા અને પાસવાનો પાસેથી તેમને છોડાવી ગયા. જ્યારે રાત પડી તો ઈબ્ને ઝિયાદે કેટલાક માણસોને મોકલ્યા કે જેઓ અબ્દુલ્લાહને ઘરમાંથી ખેંચીને લાવ્યા અને તેમનું સર કલમ કરી દઈને તેમની લાશને ખારા ખાબોચિયાવાળા મેદાનમાં શૂળી પર લટકાવી દીધી. (નફસુલ મહમૂમ, ઉર્દૂ પેજ નં. ૫૭૦)



# કુરઆન શિક્ષણ

**નબીઓ અને ઇમામો વિષેની આયતો**

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી(મદ્દે.)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَ يَقُوْلُوْنَ طَاعَةٌ ۡ فَاِذَا بَرَزُوْا مِنْ عِنْدِكَ
بَيَّتَ طَآئِفَةٌ مِّنْهُمْ غَيْرَ الَّذِیْ تَقُوْلُ ؕ وَ
اللّٰهُ يَكْتُبُ مَا يُبَيِّتُوْنَ ۚ فَاَعْرِضْ عَنْهُمْ
وَ تَوَكَّلْ عَلَى اللّٰهِ ؕ وَكَفٰى بِاللّٰهِ وَكِيْلًا ﴿۸۱﴾

❂ અને (તેમની હાલત એવી છે કે) તેઓ (મોઢેથી તો) કહે છે કે અમે આજ્ઞાકિત છીએ, પણ જ્યારે તારી પાસેથી બહાર ચાલ્યા જાય છે ત્યારે તેઓ માંહેનું એક ટોળુ રાત્રી (ના વખતે) જે કાંઈ તું કહે છે તેથી જુદી રીતે વર્તવાનો નિર્ણય કરે છે અને રાત્રે તેઓ જે કાંઈ નિર્ણય કરે છે તે અલ્લાહ લખતો જાય છે, માટે (હવે) તું (તેમની પરવા ન કરતાં) તેમનાથી મોઢું ફેરવી લે અને અલ્લાહ ઉપર ભરોસો રાખ અને અલ્લાહ કાર્યસાધકતા માટે પૂરતો છે.

**(પારો–૫, સૂરા નિસા, આયત–૮૧)**

---

اِنَّ الْمُنٰفِقِيْنَ يُخٰدِعُوْنَ اللّٰهَ وَ هُوَ
خَادِعُهُمْ ۚ وَاِذَا قَامُوْۤا اِلَى الصَّلٰوةِ قَامُوْا
كُسَالٰى ۙ يُرَآءُوْنَ النَّاسَ وَ لَا يَذْكُرُوْنَ
اللّٰهَ اِلَّا قَلِيْلًا ﴿۱۴۲﴾

❂ બેશક દાંભિકો અલ્લાહને ધોખો આપવાના પ્રયત્ન કરે છે પણ તે (અલ્લાહ) તેમને જ ધોખો આપનાર છે અને જે વેળા તેઓ નમાઝ માટે ઊભા થાય છે તો આળસાઈથી ઊભા થાય છે. લોકોને દેખાડવા માટે જ ઊભા થાય છે અને અલ્લાહનો ઝિક્ર ઘણો જ થોડો કરે છે.

**(પારો–૫, સૂરા નિસા, આયત–૧૪૨)**

---

اِنَّ الْمُنٰفِقِيْنَ فِى الدَّرْكِ الْاَسْفَلِ مِنَ
النَّارِ ۚ وَلَنْ تَجِدَ لَهُمْ نَصِيْرًا ﴿۱۴۵﴾

❂ નિ:સંશય દાંભિકો જહન્નમમાં સૌથી હેઠળના તબકકામાં હશે, અને તું તેમના માટે કોઈ મદદગાર જોશે નહીં.

**(પારો–૫, સૂરા નિસા, આયત–૧૪૫)**

وَ يَقُوْلُ الَّذِيْنَ اٰمَنُوْٓا اَهٰٓؤُلَآءِ الَّذِيْنَ
اَقْسَمُوْا بِاللّٰهِ جَهْدَ اَيْمَانِهِمْ ۙ اِنَّهُمْ لَمَعَكُمْ ؕ
حَبِطَتْ اَعْمَالُهُمْ فَاَصْبَحُوْا خٰسِرِيْنَ ﴿٥٣﴾

❂ અને તે વેળા ઈમાન લાવનારાઓ કહે છે કે શું આ તેઓ જ છે કે જેઓ અલ્લાહની સખતમાં સખત સોગંદ ખાતા હતા કે જરૂર તેઓ તમારી સાથે હતા ! તેમનાં કર્મો રદ થઈ જશે, જેથી તેઓ હાની ભોગવનારા થઈ જશે.

**(પારો–૬, સૂરા માએદા, આયત–૫૩)**

---

بَلْ بَدَا لَهُمْ مَّا كَانُوْا يُخْفُوْنَ مِنْ قَبْلُ ؕ
وَ لَوْ رُدُّوْا لَعَادُوْا لِمَا نُهُوْا عَنْهُ وَ اِنَّهُمْ
لَكٰذِبُوْنَ ﴿٢٨﴾

❂ (નહીં, નહીં) બલ્કે તેઓ પહેલાં જે કાંઈ સંતાડતા હતા તે તેમની સમક્ષ વિદિત થઈ જશે અને કદાચને તેમને પાછા મોકલવામાં આવે તો પણ જે વસ્તુની તેમને મનાઈ કરવામાં આવી હતી તે તેઓ ખચીત જ ફરી પણ કરશે, અને નિ:સંશય તેઓ જૂઠા છે.

**(પારો–૭, સૂરા અન્આમ, આયત–૨૮)**

---

كَيْفَ وَ اِنْ يَّظْهَرُوْا عَلَيْكُمْ لَا يَرْقُبُوْا
فِيْكُمْ اِلًّا وَّلَا ذِمَّةً ؕ يُرْضُوْنَكُمْ بِاَفْوَاهِهِمْ
وَتَاْبٰى قُلُوْبُهُمْ ۚ وَاَكْثَرُهُمْ فٰسِقُوْنَ ﴿٨﴾

❂ તે કરાર (કાયમ) કેવી રીતે રહી શકે જ્યારે કે જો તેઓ તમારા પર પ્રબળતા મેળવી લે તો તમારા સંબંધમાં ન સગપણનો વિચાર કરે કે ન કોલ કરારનો. તેઓ (માત્ર) મોઢાની વાતોથી તમને રાજી કરે છે પરંતુ તેમના અંત:કરણો તે કબૂલ રાખવાની ના પાડે છે, અને તેઓ માંહેના ઘણા ખરા આજ્ઞાભંગ કરનારા છે. **(પારો–૧૦, સૂરા તૌબા, આયત–૮)**

---

وَ اِنْ نَّكَثُوْٓا اَيْمَانَهُمْ مِّنْۢ بَعْدِ عَهْدِهِمْ وَ
طَعَنُوْا فِىْ دِيْنِكُمْ فَقَاتِلُوْٓا اَئِمَّةَ الْكُفْرِ ۙ
اِنَّهُمْ لَآ اَيْمَانَ لَهُمْ لَعَلَّهُمْ يَنْتَهُوْنَ ﴿١٢﴾

❂ અને અગર તેઓ કરાર કર્યા બાદ પોતાની પ્રતિજ્ઞાઓનો ભંગ કરે અને તમારા ધર્મ સંબંધમાં મેણાં મારે તો તમે પણ નાસ્તિકોના સરદારો સાથે લડો કે કદાચને તેઓ (તેમ કરતાં) અટકી જાય. બેશક તેઓ એવા છે કે જેમની પ્રતિજ્ઞા કોઈ વસ્તુ (જેવી હોતી) નથી. **(પારો–૧૦, સૂરા તૌબા, આયત–૧૨)**



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅેહમદ ઝેડ. જાફરી

કિતાબ : ઈર્શાદાતે રસૂલ (સ.)

## ૪૩ સારી રીતભાત વિષે

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

وَاِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيۡمٍ ۝٤

*(અને બેશક તમારી રીતભાત ઉત્તમ છે.)*

(સૂરા કલમ, આયત-૪)

(૬૧૨) કયામતના દિવસે બંદાના આમાલમાં સૌથી ઉત્તમ વસ્તુ સારી રીતભાત છે. (ઉસૂલે કાફી)

(૬૧૩) સારી રીતભાત ધરાવનારનો બદલો રોઝા રાખનાર અને રાતના ઉજાગરા કરીને નમાઝ પઢનારના બદલા જેટલો જ છે. (ઉસૂલે કાફી)

(૬૧૪) મારી ઉમ્મત સૌથી વધારે જે અમલને લીધે જન્નતમાં જશે તે પરહેઝગારી અને સારી રીતભાત છે. (ઉસૂલે કાફી)

(૬૧૫) જો તમે તમારી ધનદોલતને લીધે લોકોને સહાય કરવા અસમર્થ હો તો તેમાં કોઈ શંકા નથી કે સારી રીતભાત વડે તેમને રાજી કરી શકો. (અમાલી અલ-સદૂક)

(૬૧૬) જે માણસ લોકોની સાથે સારી રીતભાતથી વર્તે છે તે સદા સુખી રહે છે. (રોઝા કાફી)

(૬૧૭) તમારા કુટુંબીજનો, પાડોશીઓ અને બીજા મળનારાઓની સાથે સારી રીતભાતથી વર્તાણૂક કરો કે જેથી અલ્લાહના દરબારમાં તમારા માટે ઉચ્ચ દરજ્જા લખવામાં આવે. (તોહફુલ ઉકૂલ)

(૬૧૮) તમારામાંથી જે રીતભાતમાં સૌથી અફઝલ છે તે ઈમાનમાં પણ સૌથી વધીને છે. (તોહફુલ ઉકૂલ)

(૬૧૯) સારી રીતભાત પ્રેમ કાયમ રાખે છે. (તોહફુલ ઉકૂલ)

(૬૨૦) મોમિનના આમાલનું શિર્ષક સારી રીતભાત હોય છે. (સહીફતુર્રિઝા)

(૬૨૧) કયામતના દિવસે મારી સૌથી નજીક જગ્યા મેળવનાર સારી રીતભાત ધરાવનાર અને પોતાના કુટુંબીજનો માટે ભલાઈ કરનાર વ્યકિત હશે. (સહીફતુલ રિઝા)

(૬૨૨) સારી રીતભાત અડધું દીન છે. (ખિસાલ સદૂક)

(૬૨૩) મોમિનોમાં સૌથી અફઝલ તે છે કે જેની રીતભાત સારી છે. (મજમુઆ વરામ)

(૬૨૪) કયામતના દિવસે ત્રાજવામાં સૌથી પહેલાં જે વસ્તુ મૂકવામાં આવશે તે સારી રીતભાત છે. (ઈસ્નાઅશરીયા)

(૬૨૫) સારી રીતભાત ધરાવનારનો દરજ્જો દિવસે

રોઝા રાખનાર અને રાત્રે ઉજાગરા કરીને નમાઝ પઢનારના દરજ્જા જેટલો છે. રસૂલ (સ.)એ ફરમાવ્યું, “બંદાને ઈનાયત કરવામાં આવેલી સૌથી શ્રેષ્ઠ વસ્તુ સારી રીતભાત છે.” (તોહફુલ ઉકૂલ)

(૬૨૬) તમારામાંથી શ્રેષ્ઠ તે લોકો છે કે જે સારી રીતભાત ધરાવે છે અને જે બીજાથી મોહબ્બત રાખે છે અને બીજા તેમનાથી મોહબ્બત રાખે છે. (તોહફુલ ઉકૂલ)

(૬૨૭) જો માણસને ખબર હોય કે સારી રીતભાતમાં શું છે તો તે તેને મેળવવા તત્પર રહે, કારણ કે સારી રીતભાત ગુનાઓને એવી રીતે ઓગાળી નાખે છે કે જેવી રીતે પાણી મીઠાને ઓગાળી નાખે છે.

(જામેઅ અલ-અખબાર)

(૬૨૮) ત્રાજવામાં સારી રીતભાતથી વધારે કશું વજનદાર નથી. (રૌઝતુલ વાએઝીન)

(૬૨૯) બેશક, અલ્લાહ બંદાને સારી રીતભાત અપનાવવા માટે એટલો બધો સવાબ આપે છે કે જેટલો તેની રાહમાં જિહાદ કરનારને આપે છે. (ઈર્શાદુલ કુલૂબ)

(૬૩૦) અલ્લાહ તરફથી જિબ્રઈલ મારી પાસે આવ્યા અને કહ્યું, “હે મોહંમદ! તમારે સારી રીતભાત અપનાવવી જોઈએ, કારણ કે તે દુનિયા અને આખેરતની ભલાઈનું કારણ છે.” પછી રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું, “તમારામાંથી તે બંદો મારા જેવો છે કે જે તમારામાંથી રીતભાતમાં સૌથી શ્રેષ્ઠ છે.”

(વસાએલુશ્શીઆ)

(૬૩૧) કોઈ બંદાની લાયકાત તેની સારી રીતભાત છે અને તેની ખરાબ રીતભાત તેની કમનસીબી છે. (મજમુઆ વરામ)




દુકાન ટે. નં. ૦૭૩૫૯૫ ૭૦૫૩૦

બાકરઅલી મો. ૦૯૭૨૬૦ ૬૮૬૮૩

શબ્બીરઅલી મો. ૦૯૮૨૦૮ ૬૫૪૨૯

મારવેલ જ્વેલર્સ હોલમાર્ક

સોના ચાંદી તેમજ ઓરીજનલ હીરાના ફેન્સી દાગીના બનાવનાર તેમજ વેચનાર

આપણા માટે સોના-ચાંદી ના દાગીના ખરીદવાનું ભરોસા પાત્ર સ્થળ એટલે મારવેલ જ્વેલર્સ

દુકાન નં. ૭, પહેલો માળ ચમન કોમ્પલેક્ષ, ક્રોસરોડ હોટલ ની પાછળ, કાકોશી ચાર રસ્તા, સિધ્ધપુર -૩૮૪૧૫૧

ડીવાઈન ગ્રેસ ના સૌજન્યથી .

# پیرِ پیراں، شاہِ شاہاں، یا علیؑ مشکل کشا

ولی عہد پیر سید محمد کامران حسین جعفری (مد)

پیرِ پیراں، شاہِ شاہاں، یا علیؑ مشکل کشا،
فخرِ انساں، مردِ میداں، یا علیؑ مشکل کشا،
شاہِ مرداں، شیرِ یزداں، یا علیؑ مشکل کشا،
والدِ شاہِ شہیداں، یا علیؑ مشکل کشا.

પીરે પીરાં, શાહે શાહાં, યા અલી મુશ્કિલકુશા,
ફખ્રે ઈન્સાં, મર્દે મયદાં, યા અલી મુશ્કિલકુશા,
શાહે મર્દાં, શેરે યઝદાં, યા અલી મુશ્કિલકુશા,
વાલિદે શાહે શહીદાં, યા અલી મુશ્કિલકુશા.

اے امیر المؤمنینؑ، اے رہبرِ عالی مقام،
اے پیمبرؐ کے فدائی، اے مِرے پہلے امامؑ،
ہر بشر کے واسطے ہے باخدا تیرا ہی نام،
راحتِ قلبِ پریشاں، یا علیؑ مشکل کشا.

અય અમીરુલ મોમિનીં, અય રહબરે આલી મુકામ,
અય પયમ્બર કે ફિદાઈ, અય મેરે પેહલે ઈમામ,
હર બશર કે વાસ્તે હૈ બાખુદા તેરા હી નામ,
રાહતે કલ્બે પરેશાં, યા અલી મુશ્કિલકુશા.

دشمنِ دیں بچ نہیں سکتا تِری تلوار سے،
تو نے ہر ظالم کا سر کاٹا تِری تلوار سے،
آج بھی مرحب کو ہے لرزہ تری تلوار سے،
صاحبِ شمشیرِ برّاں، یا علیؑ مشکل کشا.

દુશ્મને દીં બચ નહીં સકતા તેરી તલવાર સે,
તૂને હર ઝાલિમ કા સર કાટા તેરી તલવાર સે,
આજ ભી મરહબ કો હય લરઝા તલવાર સે,
સાહિબે શમશીરે બુર્રાં, યા અલી મુશ્કિલકુશા.

બાઝૂએ યઝદાં ભી તૂ ઔર બાઝૂએ શાહે હુદા,
ફાતહે ખૈબર ભી તૂ, અય તાજદારે ફાતેમા,
ક્યા લકબ તુજ કો પયમ્બરસે મિલા સલ્લે અલા,
કુલ્લે ઈમાં, કુલ્લે ઈમાં, યા અલી મુશ્કિલકુશા.

بازوئے یزداں بھی تو اور بازوئے شاہِ ہدیٰ،
فاتحِ خیبر بھی تو، اے تاجدارِ فاطمہؑ،
کیا لقب تجھ کو پیمبرؐ سے ملا صلِّ علیٰ،
کلِّ ایماں، کلِّ ایماں، یا علیؑ مشکل کشا.

તેરી નસ્લે પાક સે શજરા ઈમામત કા ચલા,
શબ્બરો શબ્બીરો આબિદ હોં, કે હોં કાઝિમ, રઝા,
તેરી હી સીરત પે હર બેટા તેરા ચલતા રહા,
યા ઈમામુલ ઈન્સે વલજાં, યા અલી મુશ્કિલકુશા.

تیری نسلِ پاک سے شجرہ امامت کا چلا،
شبرؑ و شبیرؑ و عابدؑ ہوں، کہ ہوں کاظمؑ، رضاؑ،
تیری ہی سیرت پہ ہر بیٹا ترا چلتا رہا،
یا امام الِانس والجاں، یا علیؑ مشکل کشا.

હર નબી કે વાસ્તે દસ્તે મદદ તેરા બઢા,
હર વલીને મુશ્કિલોં મેં નામ બસ તેરા લિયા,
સબકા ચારાગર હૈ તૂ, અય મઝહરે ઝાતે ખુદા,
ચારાસાઝે દિલ ફિગારાં, યા અલી મુશ્કિલકુશા.

ہر نبی کے واسطے دستِ مدد تیرا بڑھا،
ہر ولی نے مشکلوں میں نام بس تیرا لیا،
سب کا چارہ گر ہے تو، اے مظہرِ ذاتِ خدا،
چارہ سازِ دل فگاراں، یا علیؑ مشکل کشا.

ક્યા સહાબી થે તેરે, સબ સાહેબે ઈમાન થે,
ઝીહશમ, ઝીજાહ, ઝીકદ્રો અઝીમુશ્શાન થે,

کیا صحابی تھے ترے، سب صاحبِ ایمان تھے،
ذی حشم، ذی جاہ، ذی قدر و عظیم الشان تھے،

સબ કે સબ મોમિન થે, તેરે નામ પર કુરબાન થે,
બૂ ઝરો અમ્મારો સલમાં, યા અલી મુશ્કિલકુશા.

سب کے سب مومن تھے، تیرے نام پر قربان تھے،
بو ذرؓ و عمّارؓ و سلمانؓ، یا علیؑ مشکل کشا.

કોઈ તેરે ઈશ્કમેં બેહ કર મોઈનુદ્દીં બના,
કોઈ હય શેહબાઝ તો કોઈ નિઝામુદ્દીં બના,
ઔર કોઈ દર પે તેરે આકર કબીરુદ્દીં બના,
પેશવાએ પેશવાયાં, યા અલી મુશ્કિલકુશા.

کوئی تیرے عشق میں بہہ کر معین الدینؒ بنا،
کوئی ہے شہبازؒ تو کوئی نظام الدینؒ بنا،
اور کوئی در پہ ترے آ کر کبیر الدینؒ بنا،
پیشوائے پیشوایاں، یا علیؑ مشکل کشا.

હમ ગુનહગારો કો દોઝખ સે બચાના યા ઈમામ,
હમ અઝાદારોં કો કૌસર પર પિલાના એક જામ,
અય ગદીરે ખુમ કે મૌલા, મૈં ભી હૂં તેરા ગુલામ,
અય શફીએ ગુન્હગારાં, યા અલી મુશ્કિલકુશા.


ہم گنہگاروں کو دوزخ سے بچانا یا امامؑ،
ہم عزاداروں کو کوثر پر پلانا ایک جام،
اے غدیرِ خم کے مولا، میں بھی ہوں تیرا غلام،
اے شفیعِ گنہگاراں، یا علیؑ مشکل کشا.

'કામરાં' તુમસે મુખાતિબ હૈ શહે બદ્રો હુનૈન,
અય નજફ કે તાજવાલે, વાલિદે હસનો હુસૈન.
કર દો મેરી મુશ્કિલ હલ, દો મુજે અબ દિલ કા ચૈન,
ઝૌજે ઝહરા, ઈબ્ને ઈમરાં, યા અલી મુશ્કિલકુશા.

کامراںؔ تم سے مخاطب ہے شہِ بدر و حنین،
اے نجف کے تاج والے، والدِ حسنؑ و حسینؑ،
کر دو میری مشکلیں حل، دو مجھے اب دل کا چین،
زوجِ زہراؑ، ابنِ عمراںؑ، یا علیؑ مشکل کشا.




સંપાદન : મોલ્વી કમ્બરઅલી એસ. દાવડા (કાટવાડ)



**::::: આડી ચાવીઓ :::::**

(૧) ઈમામ હુસૈન (અ.)ની એક બહેન (૪)
(૩) યુધ્ધમાં ઝંડો લઈને આગળ ચાલનાર (૫)
(૭) રણ, જંગલ (૩)
(૮) ખુશ, આનંદીત (૨)
(૯) ઉનું, ઉષ્ણ (૩)
(૧૦) ફુરૂએ દીનમાં સૌથી પહેલાં આવે (૩)
(૧૨) મોટરગાડી (૨)
(૧૩) જબરદસ્ત, બળજોરી (૪)
(૧૫) પાણી, જળ (૧)
(૧૭) સસરાનું ઘર (૪)
(૧૯) મકાનમાં મૂકવામાં આવે (૨)
(૨૦) સીમા, છેડો (૨)
(૨૧) ખુશખબરી, સારા સમાચાર (૪)
(૨૩) લીટી, હાર (૩)
(૨૫) પથ્થરની પાતળી તખ્તી (૨)
(૨૬) ધ્રુજવું, થરથરાવું (૩)
(૨૮) મહિનો (૨)
(૨૯) અમ્મા, મમ્મી (૧)
(૩૦) છુટકારો, મુક્તિ (૪)

**::::: ઊભી ચાવીઓ :::::**

(૧) નબી સાહેબ ઉપર ઉતરેલી કિતાબ (૪)
(૨) મશીય્યત, ઈચ્છા (૩)
(૩) નાનું, સગીર (૪)
(૪) મોજુ (૩)
(૫) સમારકામ, દુરસ્ત કરવું (૪)
(૬) હાદી, રાહનુમા (૪)
(૮) રહસ્ય છુપાવનાર (૪)
(૧૧) નરનું વિરોધી (૨)
(૧૨) કલા (૪)
(૧૪) સ્પષ્ટ બોલવું (૪)
(૧૫) વહેતું, ચાલતું (૨)
(૧૬) નયનવા, સત્તે ફુરાત (૪)
(૧૮) મુખ્ય, શ્રેષ્ઠ (૩)
(૧૯) ખરાબ થઈ ગયેલું (૩)
(૨૨) નિકાહ, લગ્ન (૨)
(૨૩) દુ:ખ, શોક (૩)
(૨૪) મૌલા અલી (અ.)ના એક સહાબી (૩)
(૨૭) અઠવાડિયાનો એક દિવસ (૨)

# કરબલા : જીવનની એક પ્રેરણા

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

*બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ*

ઈસ્લામી નવું વર્ષ ૧૪૩૬ હમણાં જ શરૂ થયું, અને મુસલમાનોએ એકબીજાને મુબારકબાદી આપવાનું શરૂ કરી દીધું. નવા વર્ષના દિવસે જો આપણે એકબીજાને મુબારકબાદી આપીએ તો કંઈ વાંધો નથી, પરંતુ વિરોધાભાસીરીતે નવું વર્ષ મોહર્રમથી શરૂ થાય છે કે જે ઈસ્લામી કેલેન્ડરનો સૌથી દુ:ખદ મહિનો છે. આ એ મહિનો છે કે જેમાં પયગમ્બરે પાક (સ.)ના નવાસા ઈમામ હુસૈન (અ.)ને તેમના પરિવારજનો સાથે નિર્દયતાપૂર્વક મોહર્રમની દસમી તારીખે – આશૂરાના દિવસે – શહીદ કરી દેવામાં આવ્યા હતા. કરબલાનો આવો બનાવ અને એકબીજાને નવા વર્ષની શુભેચ્છા પાઠવવી તે બાબત મુસ્લિમ બિરાદરોના અમુક ફિરકાઓને રૂચતી નથી. તેમના આવા દૃષ્ટિબિંદુને સમજવા માટે ચાલો આપણે કરબલાના બનાવને અને આપણા જીવનમાં રહેલા તેના મહત્ત્વને સમજવાનો પ્રયત્ન કરીએ.

આશૂરાને, મોહર્રમની દસમી તારીખને ખૂબ જ ઐતિહાસિક મહત્ત્વ મળેલું છે કે જેનો ઉલ્લેખ સહીહે મુસ્લિમ કિતાબમાં કરેલો છે. આ દિવસે **અલ્લાહ (સુ.વ.ત.)એ આદમ (અ.)ની** તોબા કબૂલ કરી હતી, નૂહ (અ.) અને તેમના સાથીદારોની કશ્તીને **બચાવી** લેવામાં આવી હતી. અલ્લાહે એ **આગને બુજાવી દીધી હતી** કે જેમાં **ઈબ્રાહીમ (અ.) ને નમરૂદ દ્વારા ફેંકવામાં આવ્યા હતા. મોહર્રમની દસમી તારીખે અય્યૂબ (અ.)ને અઢાર વર્ષની બીમારીમાંથી શિફા મળી હતી, મૂસા (અ.)ને તૌરાત મળી હતી. યૂસુફ (અ.)નું પોતાના પિતા યાકૂબ (અ.) સાથે ફરીથી મિલન થયું હતું. યૂનુસ (અ.)ને માછલીના પેટમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. આ દિવસે નિલ નદી બે ભાગમાં વહેંચાઈ ગઈ હતી** અને તેના પાણીએ ફિરઓનને તેના લશ્કર સહિત ડૂબાડી દીધો હતો. **ઈસા (અ.)ને આસમાન તરફ ઊંચકી લેવામાં આવ્યા હતા** અને સુલયમાન (અ.) ને તેમની બાદશાહી પાછી મળી હતી.

ઉપરના બનાવોની રોશનીમાં કોઈ પણ માણસ આશ્ચર્યની લાગણી અનુભવી શકે છે કે આ દિવસે હુસૈન (અ.) ઉપર આવી મુસીબતો શા માટે પડી હતી કે જ્યારે અલ્લાહે પોતાના મોટા ભાગના પસંદગીપાત્ર પયગમ્બરોને તેમની મુસીબતો અને સખ્તાઈઓમાં રાહત આપવાનું પસંદ કર્યું હતું. પરંતુ ઈસ્લામની પરિસ્થિતિ તરફ જોતાં આપણે સમજી જઈએ છીએ કે મુસીબત ઈસ્લામ પર હતી અને કોઈ વ્યક્તિ ઉપર ન હતી. જાલિમ યઝીદે ખિલાફતનો દાવો કર્યો હતો અને ઈમામ હુસૈન (અ.)ના પ્રતિકારને લીધે જ ઈસ્લામ બની ઉમય્યા અને યઝીદ જેવા જાલિમોના પંજામાંથી બચી ગયો હતો. તેથી જ્યારે અલ્લાહ (સુ.વ.ત.) એ પોતાના પયગમ્બરોની મદદ કરી અને તેમને તેમની મુસીબતોમાંથી બચાવી લીધા ત્યારે ઈમામ

હુસૈન (અ.)ની નિ:સ્વાર્થ કુરબાની એવી હતી કે જેણે ઈસ્લામને બચાવી લીધો અને સર્વ શકિતમાન અલ્લાહના ઉદ્દેશ્યને સ્થાપિત કરવામાં સહાયતા કરી. આ બાબત દરેક મુસલમાન માટે ખૂબ જ મહત્ત્વની છે કે આપણા પ્યારા નબી (સ.)ના નવાસા હુસૈન (અ.)ની નિ:સ્વાર્થ કુરબાનીને યાદ રાખે અને તેમણે બતાવેલા રસ્તા ઉપર ચાલવાનો પ્રયત્ન કરે.

કોઈ પણ ધર્મ, જાતિ અથવા ફિરકાની પરવા કર્યા વગર, ઈમામ હુસૈન (અ.)ના ચાહકો વિલાપ કરે છે અને રડે છે અને દસ દિવસ સુધી મજલિસો જેવા મેળાવડાઓનું આયોજન કરીને તેમની કુરબાનીને યાદ કરે છે. આવું એટલા માટે કરે છે કે જેથી તેઓ તેમના પ્રત્યેની તેમની મોહબ્બતને વધારે મજબૂત બનાવે અને દુનિયા સમક્ષ તેમના પ્રત્યેની પોતાની નક્કરતાને પ્રદર્શિત કરે કે તેઓ ઈમામ હુસૈન (અ.)ના સાચા પયરવો છે અને તેમણે યઝીદ જેવા જાલિમની વિચારધારાથી દૂર રહ્યા છે. તેઓ સચ્ચાઈ, ન્યાય, દયાભાવ, સબ્ર, સહઅસ્તિત્વ, ધૈર્ય અને વિશેષત: માનવજાત પ્રત્યેની મોહબ્બતના પ્રતીક છે.

નબી સાહેબની કેટલીક હદીસો પણ છે કે જે એવું સમર્થન આપે છે કે ઈમામ હુસૈન (અ.)ની શહાદત ઉપર રડવું સ્વાભાવિક બાબત છે અને તે બિદ્અત નથી, જેવું કે અમુક ફિરકાવાળા સમજાવે છે. હું અહીં થોડીક હદીસોનો ઉલ્લેખ કરું છું :

- પયગમ્બર (સ.)એ ફરમાવ્યું છે, "હમણાં જ જિબ્રઈલ (અ.) મારી પાસે આવ્યા હતા. તેમણે મને અગાઉથી જ ચેતવણી આપી દીધી છે કે હુસૈન (અ.)ને કરબલામાં કતલ કરવામાં આવશે અને તેમણે મને પૂછ્યું, 'શું તમારે તે જગ્યાની ખાકને સૂંઘવી છે ?' જ્યારે મેં હકારમાં જવાબ આપ્યો તો તેમણે પોતાનો હાથ લાંબો કર્યો અને તે ખાક મને આપી. આ જોઈને મારી આંખોમાંથી આંસુ સરી પડ્યાં."

(સંદર્ભ : કન્ઝુલ ઉમ્માલ, પેજ–૧૧૧માંથી પસંદ કરીને)

- સલામી જણાવે છે :

  "મેં પયગમ્બર (સ.)ની જૌઝા ઉમ્મે સલમાની મુલાકાત લીધી અને તેમને દુ:ખથી રડતાં જોયાં. જ્યારે મેં તેમને રડવાનું કારણ પૂછ્યું તો તેમણે કહ્યું, મને હમણાં જ સપનું આવ્યું હતું કે પયગમ્બર (સ.) મારી પાસે એવી હાલતમાં આવ્યા કે તેમની દાઢીના વાળ અને માથું ધૂળવાળું હતું. જ્યારે મેં તેમને પૂછ્યું કે શાને લીધે આપ આટલા બધા દુ:ખથી ભરપૂર છો તો તેમણે મને જણાવ્યું કે તેઓ હમણાં જ તેમના હુસૈનને કતલ થયેલો જોઈને આવ્યા છે." (સંદર્ભ : જામા તિરમીઝી, પેજ–૪૬૬, મિશ્કાત, જિલ્દ–૮, પેજ–૧૩૯, મુસ્તદ્રક, જિલ્દ–૪, પેજ–૧૯)

કરબલાની કરૂણાન્તિકા આપણને જીવનના સાચા સબક આપે છે અને તે ઘણા વિચારકો અને તત્ત્વચિંતકો માટે મહાન પ્રેરણારૂપ છે. હું આશા રાખું છું કે **નવા વર્ષના દૃઢ નિશ્ચય** (મજબૂત ઈરાદા) તરીકે જો આપણે પણ કરબલાથી પ્રેરણા લઈશું અને આ દુનિયાને શાંતિનું એક સ્થળ બનાવવા માટે મથન કરીશું તો આપણે પણ આગામી પેઢીઓ માટે પ્રેરણારૂપ બની શકીશું. અને એકબીજા સાથે માત્ર મુબારકબાદીની આપલે કરીએ તેના કરતાં તો તે

વધારે અર્થસભર બનશે. હું આગળ પડતા વિદ્વાનો અને વિચારકોના વિધાનોનો ઉલ્લેખ કરીને મારી આ વિગતનો અંત લાવું છું.

- "હું હુસૈન પાસેથી, અન્યાયનો ભોગ બનીને **કેવી રીતે વિજેતા બનવું તે શીખ્યો છું."**

  **– મહાત્મા ગાંધી**

- "તે બહાદુર ટુકડીના પુરુષો અને સ્ત્રીઓ જાણતા હતા કે તેમની આજુબાજુનાં લશ્કરી દળો જક્કી સ્વભાવનાં હતાં અને તેઓ માત્ર લડવા જ માટે નહીં, પરંતુ કતલ કરવા માટે તૈયાર હતા. બાળકો માટે પણ પાણીથી વંચિત રખાયેલા તે લોકો બળબળતા સૂર્ય અને દઝાડતી રેતી વચ્ચે શેકાતા રહ્યા તેમ છતાંય એક ક્ષણ માટે પણ વિચલિત ન થયા. **હુસૈન (અ.)એ પોતાની નાનકડી ટુકડી સાથે કૂચ કરી,** કીર્તિ મેળવવા માટે નહીં, ધનદોલતની સત્તા મેળવવા માટે નહીં, પરંતુ **સર્વોચ્ચ બલિદાન માટે, અને તેના દરેક સદસ્યએ ખચકાયા વગર મોટામાં મોટી મુસીબતોનો બહાદુરીપૂર્વક સામનો કર્યો."** **– ડૉ. કે. શેલડ્રેક**

- "કરબલાની કરૂણાન્તિકામાંથી સૌથી સારો બોધપાઠ આપણે એ મેળવીએ છીએ કે હુસૈન (અ.) અને તેમના સાથીદારો અલ્લાહ પ્રત્યેના ઈમાનમાં પાકા હતા. **તેમણે ઉદાહરણ સહિત બતાવ્યું કે જ્યારે હક અને બાતિલની બાબત આવે ત્યારે સંખ્યાની લઘુમતી ગણતરીમાં લેવાતી નથી."** **– થોમસ કાર્લઈલ**

- "દૂર સુદૂરના યુગમાં અને પર્યાવરણમાં **હુસૈન (અ.)ની શહાદતનો ચિતાર સૌથી ઠંડા મગજના વાંચકની સહાનુભૂતિને પણ જાગૃત કરશે."** **– એડવર્ડ ગિબન**

- "કરબલાના રક્તરંજિત એ મેદાનની યાદ, કે જ્યાં અલ્લાહના રસૂલ (સ.)નો નવાસો તરસથી રિબાયેલો અને શહીદ થયેલા પોતાના સ્વજનોની લાશોથી ઘેરાયેલો પડેલો હતો તેની યાદ લાબા ગાળે ત્યાર પછી કોઈ પણ સમયે સૌથી વધારે નાસ્તિક અને બેદરકાર માણસમાં પણ સૌથી વધારે ઊંડી સંવેદના, **સૌથી વધારે પરાકાષ્ઠાવાળું દુ:ખ અને રૂહાની અત્યાનંદ પેદા કરવા માટે કાફી છે કે જેની આગળ વેદના, ભય અને મોત, ઉપેક્ષિત નજીવી બાબતોને પણ પાછા હટાવી દે છે."**

  **– બ્રાઉનની હિસ્ટ્રી ઓફ પર્શિયા**

**લબ્બૈક યા હુસૈન !**


મીકદાદઅલી
MO 99257 47592
(જેઠીપુરાવાળા)
મંઝર ચશ્માઘર
Manzar Optical
• નંબરના ચશ્મા • બેલ્ટ
• ફેન્સી ગોગલ્સ • પર્સ
• સનગ્લાસના ચશ્મા • સ્પ્રે-અત્તર
L-5, આકાશગંગા કોમ્પલેક્ષ,
નિરાલી બસ સ્ટેન્ડ રોડ, હિંમતનગર.

અલ્લાહ (સુ.વ.ત.)નાં અતિ સુંદર ૯૯ નામ

# અસ્માઉલ હુસ્ના اَلْاَسْمَآءُالْحُسْنٰی

**6**

**اَسَّلَامُ**
અસ્સલામો
**શાંતિ/સુખચેન આપનારો**

જો તમે اَسَّلَامُનો ઝિક્ર વિપુલ પ્રમાણમાં કરશો તો અલ્લાહ તઆલા તમને બધા જ પ્રકારની આફતો અને બીમારીઓથી સુરક્ષિત રાખશે. જો તમે તેનો ઝિક્ર ૧૧૫ વખત કરશો અને કોઈ બીમાર માણસ ઉપર ફૂંક મારશો તો ઈન્શાઅલ્લાહ તેને અલ્લાહ તઆલા તંદુરસ્તી પાછી આપશે.

**7**

**اَلْمُؤْمِنُ**
અલ મૂઅમેનો
**સલામતી આપનારો**

જો તમે اَلْمُؤْمِنُનો ઝિક્ર ભયના સમયે ૬૩૦ વખત પઢશો તો અલ્લાહ તઆલા તમને બધા જ પ્રકારની આફત, બલા, દુર્ઘટના અને નુકસાનથી સુરક્ષિત રાખશે. જો તમે આ નામને કાગળ ઉપર લખશો (અથવા તો ચાંદીની વીંટી પર કોતરાવશો) અને તમારી પાસે (સવાબ તરીકે) રાખી મૂકશો તો ઈન્શાઅલ્લાહ તમારી શારીરિક અને રૂહાની સલામતીની જવાબદારી અલ્લાહ તઆલાના શિરે રહેશે.

**8**

**اَلْمُهَيْمِنُ**
અલ મોહયમેનો
**રક્ષણહાર**

ગુસ્લ કર્યા પછી બે રકાત નમાઝ પઢ્યા પછી જો તમે اَلْمُهَيْمِنُનો ઝિક્ર નિખાલસતાપૂર્વક ૧૦૦ વખત પઢશો તો અલ્લાહ તઆલા તમને શારીરિક રીતે અને રૂહાની રીતે પાક કરી દેશે. જો તમે તેને ૧૧૫ વખત પઢશો તો ઈન્શાઅલ્લાહ અલ્લાહ તઆલા તમને ગાયબ (બાબત)થી પરિચિત કરશે.

**9**

**اَلْعَزِيْزُ**
અલ અઝીઝો
**સર્વશક્તિમાન**

જો તમે اَلْعَزِيْزُનો ઝિક્ર દરરોજ ૪૦ દિવસ સુધી ૪૦ વખત કરશો તો અલ્લાહ તઆલા તમને સન્માન અને આત્મનિર્ભરતા અતા કરશે. જો તમે તેનો ઝિક્ર દરરોજ નિષ્ઠાપૂર્વક ૪૧ વખત પઢશો તો ઈન્શાઅલ્લાહ અલ્લાહ તઆલા તમને સન્માન અને આત્મનિર્ભરતા આપશે. ભલે ને તમારી સાથે અપમાનભર્યો વ્યવહાર કરવામાં આવી રહ્યો હોય.

**10**

**اَلْجَبَّارُ**
અલ જબ્બારો
**(કાર્યની) ફરજ પાડનારો**

જો તમે اَلْجَبَّارُનો દરરોજ સવારે અને સાંજે ૨૨૬ વખત ઝિક્ર કરશો તો ઈન્શાઅલ્લાહ અલ્લાહ તઆલા તમને અત્યાચારીઓ અને સરમુખત્યારોના જુલ્મથી સુરક્ષિત રાખશે.

ક્રમશ:

# THE TRAGEDY

Come, come, sit with me-
Let me tell you of an aweful tragedy.
Our Prophet cries because of this bloody history-
Shall we not bother and just sit idly?

Whether we are Shi'i or Sunni,
Let me ask you ,is it wrong to love the Prophet's family?
Say:"I'm a Muslim, I dislike disunity."
Say the truth, tell everyone about this bloody history.

**10th of Muharram...**

...indeed has filled the page of history...
...with a dark, bloody,painful tragedy
in a place called Karbala,a barren land...
...the blood of Hussein,flows within its sand...

72 people versus an army of tens of thousands of well-equipped soldiers...?
Against none other but the Holy Prophet's family members...?
Like a lamb surounded by numerous evil foxes,
Thirsty to shed its blood, while ignoring Divine curse.

Oh,what's wrong with us
That we neglect our Prophet's sadness-
Have we lost our sense of humanity
That we no longer have a sense of sympathy?(at least)

**O Hussein,**

Our apology that the eyes no longer shed tears,
Our apology that the hearts no longer bleed-

While you were wounded with swords, arrows, and spears
We just concluded that it was but Allah's decree.

Have the hearts turn into a hard-core stone
That we no longer lament Hussein who died alone...?
along with his few companions and family members,
He stood firm defending the truth, to never surrender.

Let the events of Karbala bring precious unity,
Especially between our dear brothers, Shia and Sunni.
The tragedy of Karbala indeed, is a tragedy of humanity.
A bloody struggle to preserve Islam,the source of ultimate security.

A reminder to stand together against oppression and injustice,
A reminder to promote the message of truth, justice and peace...
The issue of Karbala belongs to all Muslims and the rest of humanity
The issue of Karbala will always be a light, illuminating the soul continuosly...

**-By Fatima Ali**


મો. સાદિકઅલી આર. ભોરણીયા (રસુલપુર ખે.) મો. 99244 18243 | બાલીસણા ઝાકીરહુસૈન જી. (રસુલપુર ખે.)મો.94295 29410 | મો.આબિદઅલી ડી. સુથાર (શેખપુર ખે.)મો.9898435809

L.E.D. સ્પેશ્યાલીસ્ટ

ન્યુ ચિરાગ L.E.D. હાઉસ

અમારે ત્યાં
હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે L.E.D. સીરીઝ, L.E.D. પટ્ટા, L.E.D. બોર્ડ તેમજ L.E.D. ને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ ભાવે કરી આપવામાં આવશે.

કામરાન એક્રેલીક & L.E.D. સાઈન બોર્ડ

- એક્રેલીક બોક્સ લેટર સાઈન બોર્ડ
- L.E.D. સાઈન બોર્ડ
- ઓપન L.E.D. સાઈન બોર્ડ
- ક્લીયર એક્રેલીક સાઈન બોર્ડ
- A.C.P. લેટર સાઈન બોર્ડ
- સ્ટીલ લેટર સાઈન બોર્ડ
- રેડીયમ સાઈન બોર્ડ
- વિનાઈલ & ફલેક્સ સાઈન બોર્ડ
- ચેનલ સાઈન બોર્ડ

હોટલ દુકાનને લગતા દરેક પ્રકારના સાઈન બોર્ડ અને L.E.D.નુ કામ કરી આપવામા આવશે

રીગલ શોપીંગ સેન્ટર, દેના બેન્કની બાજુમાં, બસ સ્ટેન્ડ પાસે, વડનગર

Email ; newchiragled@gmail.com

# ઇબાદાત

## માહે મોહર્રમ

### માહે મોહર્રમના આમાલ

**પહેલી મોહર્રમની રાતના આમાલ :**

હઝરત ઈમામ હુસૈન (અ.)નો ઝિક્ર કરી લીધા પછી પહેલી મોહર્રમની રાતના આમાલ આ પ્રમાણે બજાવી લાવવા :

(1) ૧૦૦ રકાત નમાઝ પઢે.

દરેક રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા ઈખ્લાસ (કુલ્હોવલ્લાહનો સૂરો) પઢે. (બન્ને સૂરા એક એક વાર પઢે.)

(2) બે રકાત નમાઝ પઢે.

પહેલી રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા અન્આમ પઢે.

બીજી રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા યાસીન પઢે.

(3) બે રકાત નમાઝ પઢે.

આ બન્ને રકાતમાં સૂરા હમ્દ પછી ૧૧ વખત સૂરા ઈખ્લાસ (કુલ્હોવલ્લાહનો સૂરો) પઢે.

(4) રસૂલલ્લાહ (સ.)એ આ રાત્રે બે રકાત નમાઝ પઢવાનું અને દિવસે રોઝો રાખવાનું સૂચન કર્યું છે.

**નોંધ :** ઉપરના આમાલમાંથી જેટલી હદે શકય હોય તેટલી હદે બજાવી લાવવા જોઈએ.

**પહેલી મોહર્રમના દિવસના આમાલ :**

હઝરત ઈમામ રઝા (અ.)થી મન્કૂલ છે કે રસૂલે ખુદા (સ.) મોહર્રમની પહેલી તારીખે બે રકાત નમાઝ પઢતા હતા અને જ્યારે નમાઝથી ફારિગ થતા તો પોતાના હાથને આસમાન તરફ ઊંચા કરીને આ દુઆ પઢતા હતા :

اَللّٰهُمَّ اَنْتَ الْاِلٰهُ الْقَدِيْمُ وَهٰذِهٖ سَنَةٌ جَدِيْدَةٌ فَاَسْاَلُكَ فِيْهَا الْعِصْمَةَ مِنَ الشَّيْطَانِ وَالْقُوَّةَ عَلٰى هٰذِهِ النَّفْسِ الْاَمَّارَةِ بِالسُّوْٓءِ وَالْاِشْتِغَالَ بِمَا يُقَرِّبُنِىْ اِلَيْكَ، يَا كَرِيْمُ يَا ذَا الْجَلَالِ وَالْاِكْرَامِ، يَا عِمَادَ مَنْ لَّا عِمَادَ لَهٗ، يَا ذَخِيْرَةَ مَنْ لَّا ذَخِيْرَةَ لَهٗ، يَا حِرْزَ مَنْ لَّا حِرْزَ لَهٗ، يَا غِيَاثَ مَنْ لَّا غِيَاثَ لَهٗ، يَا سَنَدَ مَنْ لَّا سَنَدَ لَهٗ، يَا كَنْزَ مَنْ لَّا كَنْزَ لَهٗ، يَا حَسَنَ الْبَلَآءِ يَا عَظِيْمَ الرَّجَآءِ يَا عِزَّ الضُّعَفَآءِ يَا مُنْقِذَ الْغَرْقٰى يَا مُنْجِىَ الْهَلْكٰى يَا مُنْعِمُ يَا مُجْمِلُ يَا مُفْضِلُ يَا مُحْسِنُ، اَنْتَ الَّذِىْ سَجَدَ لَكَ سَوَادُ اللَّيْلِ وَنُوْرُ النَّهَارِ وَضَوْءُ الْقَمَرِ وَشُعَاعُ الشَّمْسِ وَدَوِىُّ الْمَآءِ وَحَفِيْفُ الشَّجَرِ، يَا اَللّٰهُ لَا شَرِيْكَ لَكَ اَللّٰهُمَّ اجْعَلْنَا خَيْرًا مِّمَّا يَظُنُّوْنَ وَاغْفِرْ لَنَا مَا لَا يَعْلَمُوْنَ وَلَا تُؤَاخِذْنَا بِمَا يَقُوْلُوْنَ حَسْبِىَ اللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ عَلَيْهِ تَوَكَّلْتُ وَهُوَ رَبُّ الْعَرْشِ

الْعَظِيْمِ، اٰمَنَّا بِهٖ كُلٌّ مِنْ عِنْدِ رَبِّنَا وَمَا يَذَّكَّرُ اِلَّا اُوْلُوا الْاَلْبَابِ، رَبَّنَا لَا تُزِغْ قُلُوْبَنَا بَعْدَ اِذْ هَدَيْتَنَا وَهَبْ لَنَا مِنْ لَّدُنْكَ رَحْمَةً اِنَّكَ اَنْتَ الْوَهَّابُ

**આશૂરની રાત (મોહર્રમની દસમી રાત)ના આમાલ :**

(1) ૧૦૦ રકાત નમાઝ પઢે :

- દરેક રકાતમાં સૂરા હમ્દ પછી ત્રણ વખત સૂરા ઈખ્લાસ (કુલ્હોવલ્લાહનો સૂરો) પઢે.
- આ ૧૦૦ રકાત નમાઝથી ફારિગ થયા પછી ૭૦ વખત આ પ્રમાણે પઢે.

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ

- કેટલીક રિવાયતોમાં છે કે આટલું પઢી લીધા પછી ઈસ્તિગ્ફાર કરવો જોઈએ એટલે કે,

اَسْتَغْفِرُ اللّٰهَ رَبِّيْ وَاَتُوْبُ اِلَيْهِ

કહેવું જોઈએ.

(2) આશૂરની રાતના આમાલમાંથી એક અમલ આ પણ છે કે રાતના છેવટના ભાગમાં ચાર રકાત નમાઝ પઢે:

- દરેક રકાતમાં સૂરા હમ્દ પછી દસ વખત આયતુલ કુરસી, દસ વખત સૂરા ઈખ્લાસ (કુલ્હોવલ્લાહનો સૂરો), દસ વખત સૂરા ફલક, દસ વખત સૂરા નાસ પઢે.
- સલામ પછી નમાઝ પૂરી કર્યા પછી ૧૦૦ વખત સૂરા ઈખ્લાસ (કુલ્હોવલ્લાહનો સૂરો) પઢે.

(3) આશૂરની રાતનો એક અન્ય અમલ આ પણ છે કે ચાર રકાત નમાઝ પઢે :

- દરેક રકાતમાં સૂરા હમ્દ પછી ૫૦ વખત સૂરા ઈખ્લાસ (કુલ્હોવલ્લાહનો સૂરો) પઢે.

આ નમાઝ હઝરત અલી (અ.)વાળી નમાઝ છે કે જેની ઘણી જ મોટી ફઝીલત છે.

(4) આશૂરની રાતનો એક અમલ આ પણ છે કે અલ્લાહનો વધુને વધુ ઝિક્ર કરે અને મોહંમદ વ આલે મોહંમદ (અ.) પર દુરૂદ પઢે અને અહલેબૈત (અ.)ના દુશ્મનો ઉપર લા'નત કરે.

(5) આજની રાત્રીએ જાગરણ કરવા વિષે રિવાયતોમાં ઘણી બધી ફઝીલત બતાવવામાં આવી છે. એક રિવાયતમાં છે કે તે રાત્રીએ ઈબાદત કરનાર એવો છે જાણે કે તેણે બધા જ ફરિશ્તાઓની ઈબાદત જેટલી ઈબાદત કરી હોય અને આજની રાત્રીની ઈબાદત ૭૦ વર્ષની ઈબાદતની બરાબર છે.

(6) જો કોઈના માટે શકય હોય તો આજની રાતે કરબલાએ મોઅલ્લાની જમીન ઉપર રોકાણ કરે અને હઝરત ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત કરે અને આખી રાત આપ (અ.)ની પાસે જાગતો રહે. જો તે આવું કરશે તો અલ્લાહ તઆલા તેને હઝરત ઈમામ હુસૈન (અ.)ના ખૂનની સાથે મળેલા કરબલાના શહીદોની હરોળમાં ગણત્રી કરશે.

**આશૂરા (દસમી મોહર્રમ)ના દિવસના આમાલ વિષે :**

આ આશૂરાનો દિવસ ઈમામ હુસૈન (અ.)ની શહાદતનો દિવસ છે, જે અઈમ્મા (અ.) અને તેમના ચાહવાવાળાઓ માટે મુસીબતનો અને દુઃખમાં રહેવાનો દિવસ છે. બહેતર એ છે કે આ દિવસે દુન્યવી કામોમાં પરોવાયેલા ન રહેવું

અને ન ઘર માટે કંઈ કમાવું, પરંતુ નૌહા, માતમ અને રુદનમાં લાગેલા રહેવું જોઈએ.

- આ દિવસે ઈમામ હુસૈન (અ.)ની મજલિસ કરવી.
- ઈમામ હુસૈન (અ.)ની ઝિયારતે આશૂરા પઢવી.
- ઈમામ હુસૈન (અ.)ના કાતિલો પર ખૂબ જ લા'નત કરવી.
- અને એક બીજાને ઈમામ હુસૈન (અ.)ની મુસીબત પર આ રીતે પુરસો આપવો :

اَعْظَمَ اللّٰهُ اُجُوْرَنَا بِمُصَابِنَا بِالْحُسَيْنِ عَلَيْهِ السَّلَامُ وَ جَعَلَنَا وَاِيَّاكُمْ مِنَ الطَّالِبِيْنَ بِثَارِهِ

مَعَ وَلِيِّهِ الْاِمَامِ الْمَهْدِيِّ مِنْ اٰلِ مُحَمَّدٍ عَلَيْهِمُ السَّلَامُ

- આ દિવસે એક હજાર વખત સૂરા ઈખ્લાસ પઢવો.
- આ દિવસે ઈમામ હુસૈન (અ.)ના કાતિલો પર આ શબ્દોમાં લા'નત કરવી :

اَللّٰهُمَّ الْعَنْ قَتَلَةَ الْحُسَيْنِ عَلَيْهِ السَّلَامُ

- આશૂરાના દિવસે છેલ્લા સમયે ઊભા થઈને અને હઝરત રસૂલલ્લાહ (સ.), અમીરુલ મોમિનીન (અ.), જનાબે ફાતેમા ઝહરા (અ.), ઈમામ હસન (અ.) અને બીજા અઈમ્મા (અ.) કે જે ઔલાદે હુસૈન (અ.)માંથી છે તે બધા ઉપર સલામ મોકલે અને રડતાં રડતાં તેમને પુરસો આપે અને પછી ઝિયારત પઢે. (ઝિયારત મફાતિહુલ જિનાન અને આદાબે અઝાદારી કિતાબમાં આપેલ છે.)


કમ્પ્યુટરની અડચણોના કારણે વ્યાપારમાં સમજોતા ના થાય,
બનાવો એડ્રોઈટને તમારો સાથી.




કમ્પ્યુટર સેલ્સ, સર્વિસ અને રીપેરીંગ | નેટ્વર્કિંગ સોલ્યુશન | સોફ્ટવૅર સપોર્ટ
દરેક પ્રકારના બિલીંગ મશીન, પ્રિન્ટરસ્ તેમજ પેપર રોલ

Adroit technologies

મોહંમદ અલી સુણસરા (દશાવાડા) : + 91 96625 42969
E-mail: adroit440@gmail.com

હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) કૃત...

# મશાયખવાણી



## મક્તૂલનામા

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

**બયાન નં.૩૪**

**તબ ખાતમ અંબીયાને, એતા ફરમાયા,**
**સો અલીકુ જવાબ, દીયા રે સુણાયા.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહ) ફરમાવે છે કે ત્યાર પછી ખાતમ અંબિયા (સ.)એ એટલું ફરમાવ્યું અને મૌલા અલી (અ.)ને જવાબ આપ્યો.)

**મેં ભી રબકે કહે બના, ના ધરૂ રે નામાં,**
**મેં ભી રબસુ પહેલાં, ના કરૂ હો કામાં.**

(નબીજીએ ફરમાવ્યું કે હું પણ અલ્લાહના કહેવા પહેલાં આ બાળકનું નામ નહીં ધરું. હું પણ અલ્લાહ તઆલાના પહેલાં આ કાર્ય નહીં કરું.)

**યું મુબારક જબાંસુ, નબીને આખા,**
**સો અલીને સુનકર, મન માંહે રાખા.**

(નબીજીએ પોતાની મુબારક જબાનથી આ મુજબ કહ્યું તો મૌલા અલી (અ.)એ પણ તે સાંભળીને પોતાના મનમાં રાખી દીધું.)

**સહી એતે માંહે જીબ્રઈલ, આએ અલયહિસ્સલામા,**
**સો રબને ભેજાયા, ઈમામકા નામા.**

(પછી તો એટલામાં હઝરત જિબ્રઈલ (અ.) નાઝિલ થયા. અલ્લાહ તઆલાએ ઈમામના નામ સહિત તેમને નીચે મોકલ્યા.)

**કહ્યા નામ ધરો નબીજી, બેટે હારૂન કેરા,**
**બેટા દુજા રે હારૂનકા, નામ ધરીયો સવેરા.**

(અલ્લાહના હુકમથી જિબ્રઈલ (અ.)એ આવીને કહ્યું કે અય નબીજી ! તમે આ બાળકનું નામ હારૂનના બીજા બેટાનું નામ રાખો.)

**દુજે હારૂનકે બેટેકા, ક્યા નામ થા પુછાયા,**
**થા શબ્બીર તો નામા, નામુસે બતાયા.**

(નબી સાહેબે જિબ્રઈલ (અ.)ને પૂછ્યું કે હારૂનના બીજા બેટાનું નામ શું હતું ? તો નામૂસ લકબવાળા જિબ્રઈલ ફરિશ્તાએ કહ્યું કે એમનું નામ શબ્બીર હતું.)

**એ બોલ તો નબીને, કહ્યા અરબી નાંહાં,**
**અને રબે મુઝે કીયા, અરબ કે માંહાં.**

(આ સાંભળીને નબીજીએ કહ્યું, આ શબ્બીર નામના બોલ (ભાષા) અરબી નથી અને અલ્લાહે મને તો અરબસ્તાનમાં મબઊસ કર્યો છે.)

**જો આરબીસુ ખુબી, મુઝે રબને હે દીતી,**
**કે જબાં તો મેરી, હે આરબી કીતી.**

(અલ્લાહ તઆલાએ મને અરબી ભાષા દ્વારા ખૂબી અતા કરી છે અને અલ્લાહે મારી ભાષા અરબી રાખી છે.)

**તો અવર તો નામ, મેં નાંહી રે ધરાવા,**
**મુજે આરબી નામોકા, હે રે ચાવા.**

(નબીજીએ વધુમાં ફરમાવ્યું કે) તો બીજું

નામ તો હું નહીં ધરું. મને તો અરબી નામો સાથે મોહબ્બત છે.)

**તબ નામુસે એતના, ફીર કર આખા,**
**કે હુસેન હે માયને, શબ્બીરકે દાખા.**

(ત્યાર પછી નામૂસ લકબધારી જિબ્રઈલ (અ.) એ ફરીથી કહ્યું કે શબ્બીરનો અર્થ 'હુસૈન' થાય છે.)

**તબ નબીજીને હુસેન, ધરીયા નામા,**
**જબ રબને ભેજાઈ, વહી ઉસ ઠામા.**

(જ્યારે અલ્લાહ તઆલાએ એ જગ્યાએ વહી મોકલી ત્યારે નબીજીએ પોતાના નવાસાનું નામ હુસૈન ધર્યું.)

**સુનો ઈમામ હુસેનકી, એ ખુબી રે જાનો,**
**અને એક કર રબકું મન એતના આનો.**

**–: રે તુહી :–**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે ઈમામ હુસૈન (અ.)ની આવી ખૂબી છે તે તમે સાંભળો અને અલ્લાહને એક જાણીને મનમાં એટલું લાવો કે અલ્લાહની ઝાત જ બાકી રહેવાવાળી છે.)

**હોવે જનમ ઈમામકે,**
**રબે ભેજાયા નામ રે, રબે ભેજાયા નામ;**
**જનમ ભી અનુકા સહી,**
**મદીના કહીએ ગામ રે, મદીના કહીએ ગામ.**

(ઈમામનો જન્મ થતાંની સાથે જ અલ્લાહ તઆલાએ તેમનું નામ મોકલાવ્યું. એમનો જન્મ પણ મદીના ગામમાં થયેલો છે.)

## બયાન નં.૩૫

**અને સાતમે રે દન, અકીકા કીતા,**
**સો મુડાણા સાતમે, દન કીયા રે સુનીતા.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહ) ફરમાવે છે કે ઈમામ હુસૈન (અ.)ના જન્મના સાતમા દિવસે આપનો અકીકો કરવામાં આવ્યો. સાતમા દિવસે માથાના વાળનું મુંડન કરવામાં આવ્યું.)

**અને બકરા તો ઝબ્હે, કીયા ખબર એ સહી,**
**અનુ ભાઈકે કાજે, જેસા કીયા થા સહી.**

(અને એવી સાચી ખબર છે કે (અકીકા માટે) બકરો ઝુબ્હ કરવામાં આવ્યો જેવી રીતે તેમના ભાઈના જન્મ વખતે કરવામાં આવ્યો હતો.)

**યું બકરા ઝબ્હે કર, બાલ સરકે ઉતારે,**
**જે ઈમામ હુસેન, નબીજીકે પીઆરે.**

(આવી રીતે બકરાને ઝુબ્હ કરીને ઈમામ હુસૈન (અ.)ના વાળ ઉતારવામાં આવ્યા કે જે નબીજીના પ્યારા હતા.)

**અને બાલકે બરાબર, રૂપા સદકા દીયા,**
**એ અકીકે કેરા, બયાન રે સુણીતા.**

(ઈમામ હુસૈન (અ.)ના અકીકાના બયાનમાં એવું સાંભળવામાં આવ્યું છે કે આપના બાલના વજન બરાબર ચાંદીનો સદકો કાઢવામાં આવ્યો.)

**સુનો ઈમામ હુસેન થે, જિસ દન જાએ,**
**તબ રબને નામુસકુ, થે રે ભેજાએ.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે જે દિવસે ઈમામ હુસૈન (અ.) જન્મ્યા હતા તે દિવસે અલ્લાહે નામૂસ લકબધારી જિબ્રઈલ (અ.) ને નબીજી પાસે મોકલ્યા હતા.)

**રબે મુબારકબાદી, થી રે ભેજાહી,**
**યું નામુસ ખુશાલી, લાએ રે સુણાહી.**

(ખુદ અલ્લાહ તઆલાએ ઈમામ હુસૈન (અ.) ના જન્મ દિવસે મુબારકબાદી મોકલાવી હતી, અને મુબારકબાદીની આ ખુશાલીના સમાચાર નામૂસ

ફરિશ્તા લઈને આવ્યા હતા.)

**ઉસ સાથે કતલકી, કેલાઈ બાતી,**
**કે કતલ હોવેગી, ઈમામ હુસેનકી જાતી.**

(અલ્લાહ તઆલાએ મુબારકબાદીની સાથે સાથે કતલની વાત પણ કહેવડાવી હતી કે ઈમામ હુસૈન (અ.)ને કતલ કરવામાં આવશે.)

**વે તાઝીઅત કેરા, ભી કીયા રે બયાના,**
**યું નામુસ હુકમ, દો લાએ રે જાના.**

(હઝરત જિબ્રઈલ (અ.)એ તાઝીઅતનું માતમ અને સોગની વાતનું વર્ણન પણ કર્યું. આવી રીતે નામૂસ લકબવાળા જિબ્રઈલ (અ.) બબ્બે હુકમો લઈને આવ્યા હતા.)

**ઈમામ હુસેન થે ગોદ, નબીજી કેરી,**
**દેતે હલકકુ બોસા, થે નબીજી સવેરી.**

(જિબ્રઈલ જ્યારે આવા સમાચાર લઈને આવ્યા ત્યારે ઈમામ હુસૈન (અ.) નબીજીની ગોદમાં હતા. આ સાંભળીને નબીજી નવાસાના ગળા ઉપર બોસા આપતા હતા.)

**આવ મુબારકબાદી, નામુસે દીતી,**
**અને તાઝીઅત ઉસકે, બાજ રે દીતી.**

(નામૂસે પહેલાં તો નબીજીને જન્મની મુબારકબાદી આપી અને ત્યાર પછી કતલની તાઝીઅત પણ આપી.)


**રેસ્ટોરન્ટનું ફર્નિચર આપવાનું છે.**

**પાર્લરનો ૧૫ ફૂટ શેડ આપવાનો છે.**

મો. નજરઅબ્બાસ – ૯૮૨૫૮ ૭૯૪૨૯

અકબરઅલી – ૯૫૫૮૯ ૩૧૨૮૦


**સુનો તાઝીઅત સુનતે, દુઃખ નબી દલ આયા,**
**એ સુન સુન મોમિનો, સોચ એતના દલ લાયા.**

**– : રે તુહી :–**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે આ તાઝીઅતને સાંભળીને નબીજીના દિલને ખૂબ દુઃખ થયું. અય મોમિનો ! આ બધું સાંભળી સાંભળીને દિલમાં એવો વિચાર લાવો કે અલ્લાહની ઝાત જ બાકી રહેવાવાળી છે.)

**મુબારકબાદી તાઝીઅત,**
**કીતી નામુસે આવ રે, કીતી નામુસે આવ;**
**નબીજી કે ફરઝંદકુ,**
**એસા રબકા ચાવ રે, એસા રબકા ચાવ.**

(નામૂસે આવીને નબીજીના ફરઝંદને મુબારકબાદી અને તાઝીઅત બન્ને આપ્યાં. અલ્લાહ તઆલાને તેમના પ્રત્યે આવી ચાહના છે.)




**મોહંમદઅલી એન. શેલીયા**

૯૪૨૬૨ ૨૪૧૦૭

મેતાવાલા

**ગુડલક**

**એલ્યુમીનીયમ ફેબ્રીકેટર**

**સ્પેશ્યાલિસ્ટ :** એલ્યુ. સ્લાઈડીંગ બારી, ઓફિસ ડોર, પાર્ટીશન, એલ્યુમીનીયમ ડોર, કીચન કેબીનેટ, દરેક જાતનું ફેબ્રીકેશન તથા લેબરકામ સંતોષકારક કરી આપીશું

**દુકાન નં. G-98, તીરૂપતી પ્લાઝા, હાઈવે, CNG પેટ્રોલ પંપના સામે, સિધ્ધપુર–૩૮૪૧૫૧**

# નહજુલ અસરાર

**સંપાદક :** મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા **અનુવાદ :** મો.કાસમભાઈ વિજાપુરા

## સવાલો અને જવાબો

### એક યહૂદીના સવાલો

કિતાબ મનાકિબમાં અબૂ તુફૈલ આમર બિન વાસલાથી રિવાયત છે કે મદીનાનો એક યહૂદી અમીરુલ મોમિનીન (અ.)ની ખિદમતમાં હાજર થયો અને અરજ કરી કે હું આપને ત્રણ અને ત્રણ અને એક સવાલ કરવા ઈચ્છું છું. હઝરત અલી (અ.)એ ફરમાવ્યું કે સાત કેમ નથી કહેતો ? તેણે અરજ કરી કે જો આપે પહેલા ત્રણ સવાલોના સાચે સાચા જવાબો આપ્યા તો વધારાના ત્રણ સવાલો કરીશ અને જો તેમના પણ સાચા જવાબો આપ્યા તો છેવટે એક સવાલ કરીશ. હઝરત અલી (અ.) એ ફરમાવ્યું, મારા જવાબો સાચા હોવાની તસ્દીક તું કેવી રીતે કરીશ ? યહૂદીએ પોતાના પહેરણની બાંયમાંથી એક નાનકડી જૂની કિતાબ બહાર કાઢી અને કહ્યું કે આ કિતાબને મેં મારા બાપદાદાઓથી વારસામાં મેળવેલી છે. આ કિતાબને મૂસા બિન ઈમરાન (અ.)એ લખાવી હતી અને અમારા જદ્દે આલા (મહાન દાદા) હઝરત હારૂનના હાથે લખેલી છે કે જેમાં એ બધા જ મસઅલા લખેલા છે, જે હું આપને પૂછવા માગું છું. હઝરત અલી (અ.) એ ફરમાવ્યું કે જો હું એ સવાલોના સાચે સાચા જવાબો આપું તો શું તું મુસલમાન થઈ જઈશ ? તેણે જવાબ આપ્યો કે ખુદાની કસમ, અગર આપે સાચા જવાબો આપ્યા તો હું આ સમયે જ આપના હાથ ઉપર ઈસ્લામ કબૂલ કરીશ.

હઝરત અલી (અ.)એ ફરમાવ્યું કે સારું, તું જે ઈચ્છતો હોય તે સવાલ કર.

**યહૂદી :** એ પહેલો પથ્થર કયો છે કે જે આસમાનથી જમીન પર નાઝિલ થયો છે ?

**હઝરત અલી (અ.) :** યહૂદીઓનું ગુમાન છે કે એ બૈતુલ મુકદ્દસનો પથ્થર છે, પરંતુ એ બાબત ખોટી છે. પહેલો પથ્થર 'હજરે અસ્વદ' છે કે જે હઝરત આદમ (અ.)ની સાથે જન્નતમાંથી જમીન પર નાઝિલ કરવામાં આવ્યો હતો અને રુકનના મકામ પર રાખવામાં આવ્યો કે જે આજ સુધી બૈતુલ હરામમાં છે.

**યહૂદી :** એ ઝરણું કયું છે કે જે સૌથી પહેલાં જમીન પર પ્રવાહિત થયું ?

**હઝરત અલી (અ.) :** તમારા અકીદામાં પહેલું ઝરણું એ છે કે જે બૈતુલ મુકદ્દસના પથ્થરની નીચેથી નીકળ્યું હતું, પરંતુ આ વાત ખોટી છે. પહેલું ઝરણું 'ચશ્મએ હયાત' છે કે જેના પર હઝરત મૂસા (અ.), હઝરત ખિઝર (અ.), યુશોઅ બિન નૂન અને ઝુલ્કરનૈન ગયા હતા અને જેમાં માછલી પડી જઈને જીવતી થઈ ગઈ હતી.

**યહૂદી :** આપ (અ.)એ સાચું ફરમાવ્યું. સારું, હવે એ બતાવો કે એ કયું ઝાડ છે કે જે જમીન પર સૌથી

પહેલાં પેદા થયું ?

**હઝરત અલી (અ.) :** તમે લોકો કહો છો કે પહેલું ઝાડ ઝૈતૂનનું છે. આ ખોટું છે. તે ખજૂર 'અજવાનું ઝાડ' છે કે જેને હઝરત આદમ (અ.) પોતાની સાથે જન્નતમાંથી લાવ્યા હતા.

યહૂદીએ કહ્યું કે આપે સાચું ફરમાવ્યું. હવે બીજા ત્રણ સવાલ કરું છું.

**યહૂદી :** ખાતમુલ અંબિયા પછી કેટલા ઈમામો થશે?

**હઝરત અલી (અ.) :** ખાતમુલ અંબિયા પછી બાર ઈમામો થશે કે જેઓ કોઈ જાલિમના જુલ્મ અને કોઈ વિરોધીના વિરોધથી કદી દિલતંગ નહીં થાય.

**યહૂદી :** ખાતમુલ અંબિયા કઈ જન્નતમાં રહેશે ?

**હઝરત અલી (અ.) :** રસૂલે અકરમ (સ.) બેહિશ્તે અદનમાં રહેશે. આ જન્નતોની વચ્ચેના ભાગમાં ખૂબ જ ઊંચી જગ્યા હશે અને અર્શથી ખૂબ જ નજીક હશે.

**યહૂદી :** આ મંઝિલમાં આપ (સ.)ની સાથે બીજા કોણ હશે ?

**હઝરત અલી (અ.) :** રિસાલત મઆબ (સ.)ની સાથે આ મંઝિલમાં એ જ બાર ઈમામો હશે કે જેમાંનો પહેલો હું છું અને છેલ્લા ઈમામ મહદી (અ.) હશે.

યહૂદીએ કહ્યું કે અલ્લાહની કસમ, કિતાબે હારૂનમાં આવું જ લખ્યું છે.

હવે આપને હું છેલ્લો સવાલ કરું છું.

**યહૂદી :** એ બતાવો કે તમારા નબી (સ.)ના પછી આપ કેટલા સમય સુધી જીવતા રહેશો ? અને આપનું મોત કેવી રીતે થશે ?

**હઝરત અલી (અ.) :** હું નબી (સ.)ના પછી ૩૦ વર્ષ સુધી જીવતો રહીશ અને તલવારના ઝખમથી શહીદ થઈશ. મારો કાતિલ સાલેહ (અ.)ની ઊંટડીના પગ કાપનારા કરતાંય વધારે ખરાબ હશે.

યહૂદી રડવા લાગ્યો અને ઈસ્લામ કબૂલ કરતાં કહેવા લાગ્યો,

અશહદો અલ્લાઈલાહા ઈલ્લલ્લાહ વ અશહદો અન્ન મોહંમદુર્રસૂલુલ્લાહ વ અશહદો અન્ન વસીયો રસૂલિલ્લાહ.

(કિતાબ અલ એહતેજાજ જિલ્દ-૧, યનાબેઉલ મોવદ્દત બાબ-૭૬ કોકબદરી)

### કૈસરે રૂમના સવાલો

**પહેલો સવાલ :** તફસીરે ફખ્રુદ્દીન રાઝી અને તઝકિરતુલ ખવાસમાં લખ્યું છે કે રિસાલત મઆબ (સ.)ની રહેલત પછી કૈસરે રૂમે એ જમાનાના ખલીફાને લખ્યું કે સૂરા ફાતેહા અમને પહોંચ્યો. અમે તેના અર્થથી પરિચિત થયા, પરંતુ **એહદેનસ્સેરાતલ મુસ્તકીમ**થી શંકા થાય છે કે અગર તમારો દીન બરહક હોય અને તેને કબૂલ કરવાથી સિરાતે મુસ્તકીમ પર પહોંચી જવાતું હોય તો દીને ઈસ્લામ કબૂલ કર્યા પછી ફરીથી સિરાતે મુસ્તકીમની હિદાયતની દુઆ માગવી નિરર્થક છે અને **મગ્ઝૂબે અલૈહિમ** કયું ટોળું છે ? **ઝાલ્લિન** કોણ છે ? અગર તમે આ સવાલોના વિગતવાર જવાબ રવાના કરશો તો અમે દીને ઈસ્લામ કબૂલ કરીશું.

જ્યારે આ પત્ર પહોંચ્યો તો હઝરત અબૂ બક્રએ તમામ અસ્હાબ સાથે મશ્વેરો કર્યો અને જ્યારે કોઈનાથી આનો જવાબ આપી ન શકાયો તો બધા બાબે મદીનતુલ ઈલ્મની ખિદમતમાં હાજર થયા અને હઝરત અલી (અ.)એ આ પ્રમાણે જવાબ આપ્યો :

**એહદેનસ્સેરાતલ મુસ્તકીમ**નો અર્થ થાય છે: **સબ્બતના અલૈહે ફીદ્દુન્યા વ અહદના તરીકલ જન્નતિલ યૌમલ કિયામહ** (અર્થાત્ (જે રાહે મુસ્તકીમ તેં ઈનાયત ફરમાવી છે) અમને તેના પર દુનિયામાં સાબિતકદમ રાખ અને કયામતના દિવસે જન્નતની તરફ અમારી રહેબરી કર.

**મગ્ઝૂબે અલૈહિમ**થી યહૂદી કોમ મુરાદ છે. તેની દલીલ એ છે કે તેમના હકમાં બીજી જગ્યાએ **વ બુગઝબીમ મેનલ્લાહ** ફરમાવે છે (અર્થાત્ તેઓ અલ્લાહના ગઝબમાં ગિરફતાર થયા.)

**ઝાલ્લિન**થી મુરાદ નસારા અને એ લોકો છે કે જેમણે અહલેબૈતના રસ્તાથી મોઢું ફેરવી લીધું."

તેમના માટે ઈર્શાદ થાય છે : **વઝલ્લૂ અન સવાઈસ્સબીલ** અર્થાત્ તેઓ સીધા માર્ગથી ગુમરાહ થઈ ગયા.


પીરો મુરશિદની દુઆથી અને મોમિન ભાઈ બહેનોના સહકારથી ૧૫ વર્ષથી ટૂર્સનું આયોજન ચાલુ છે.

# અમીન ટૂર્સ

હજ - ઉમરા - ઝિયારત

**આયોજક**

હાજી ગુલામમોહંમદ રસૂલભાઈ ધરખડ (બાદરપુર)

**હજ માટે તેના સમય પ્રમાણે**

ઓફિસ - ૦૨૭૬૧ ૨૯૨૨૪૭

મો - ૯૯૭૯૦ ૨૮૫૩૦

મો - ૯૭૨૪૧ ૨૯૬૯૪

ફેબ્રુ - ૨૦૧૪, માર્ચ - ૨૦૧૪, મે - ૨૦૧૪, જૂન - ૨૦૧૪

# ઝહીર ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ

પ્રોગ્રામ

**મોહર્રમ આશૂરા**

ઈરાક, ઈરાન : ૨૫ દિવસ

તા.૨૪/૧૦/૨૦૧૪ ટૂરની રવાનગી

**ઉમરા હજ–ઝિયારત**

મક્કા–મદીના–ઈરાક–ઈરાન

તા.૧૦/૨/૨૦૧૫ ટૂરની રવાનગી

તા.૫/૫/૨૦૧૫ ટૂરની રવાનગી

**આયોજક**

હાજી માસૂમઅલી રસૂલભાઈ નાગલપરા (કેસીમ્પા)

મો. ૯૪૨૭૬ ૮૩૯૩૦, ૯૫૭૪૭ ૬૮૪૨૯

# સ્માઈલડેન્ટ

## દાંતનું દવાખાનું

**ડૉ. એહસાનઅલી વી. સુણસરા**

BDS, CERT Oral implant (AAID)

ડેન્ટલ સર્જન અને ઈમ્પ્લાન્ટોલોજીસ્ટ

Mo. 9426305440

દાંત અને પેઢાને લગતી તકલીફોની સારવાર ઉપલબ્ધ

**સમય :** સવારે ૯:૩૦ થી ૧:૦૦

સાંજે : ૪:૩૦ થી ૯:૦૦

રવિવારે : ૧૦:૦૦ થી ૧:૦૦

**'સી' ગ્રાઉન્ડ ફ્લોર, ઉષાકિરણ ફ્લેટ, ખાનપુર દરવાજા સામે, ખાનપુર, અમદાવાદ.**

# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬, માહે નવેમ્બર–૨૦૧૪ થી તા.૧૫, માહે ડિસેમ્બર–૨૦૧૪ મુ.તા. ૨૨, ઝિલ્હજ–૧૪૩૫ થી મુ.તા. ૨૨, સફર–૧૪૩૬ |
|---|---|---|---|
| નવે. | મોહર્રમ–૧ | – | |
| 19 | ૨૫ | બુધ | વફાત : હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) |
| 22 | ૨૮ | શનિ | વીંછુડો બેસે : સવારે ૭–૧૬ |
| 23 | ૨૯ | રવિ | હઝરત ઈમામ હુસૈન (અ.)નું વીસમું ✻ વીંછુડો |
| 24 | સફર–૧ | સોમ | વીંછુડો ઉતરે : સવારે ૧૧–૫૬ |
| 29 | ૬ | શનિ | શહાદત : ઈમામ હસન મુજતબા (અ.) ✻ વફાત : પીર સૈયદ અલી સલામુદ્દીન (રહે.) |
| 40 | ૭ | રવિ | **વિલાદત : હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)** |
| ડિસે.-3 | ૧૦ | બુધ | ઈમામ હુસૈન (અ.)નું ત્રીસમું |
| 5 | ૧૨ | શુક્ર | **વિલાદત : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)** |
| 10 | ૧૭ | બુધ | **વિલાદત : વલીઅહદ પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન બાવા સાહેબ (મદ્દે.)** |
| 13 | ૨૦ | શનિ | હઝરત ઈમામ હુસૈન (અ.)નું ચહેલૂમ (અર્બાઈન) |
| 14 | ૨૧ | રવિ | **વિલાદત : પીર સૈયદ ગાલિબુદ્દીન (રહે.)** |

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

સંપાદક : મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)

(૧) "હું હુસૈન પાસેથી, અન્યાયનો ભોગ બનીને કેવી રીતે વિજેતા બનવું તે શીખ્યો છું." આ શબ્દો કોના છે ?

(૨) જો આપણી પાસે ધનદોલત ન હોય તો લોકોને કઈ બાબતથી રાજી કરી શકીએ છીએ ?

(૩) જમીન પર સૌથી પહેલાં કયું ઝરણું વહેતું થયું હતું ? અને તે ઝરણા પર કેટલા નબીઓ ગયા હતા ?

(૪) અબ્દુલ્લાહ બિન અફીફની બન્ને આંખો કયા બે જંગમાં જવાથી અંધ થઈ ગઈ હતી ?

(૫) "મારો કાતિલ સાલેહ (અ.)ની ઊંટડીના પગ કાપનારા કરતાંય વધારે ખરાબ હશે." આ શબ્દો કોના છે ?

(૬) અરબીમાં 'શબ્બીર'નો અર્થ શું થાય છે ?

(૭) "દૂર સુદૂરના યુગમાં અને પર્યાવરણમાં હુસૈન (અ.)ની શહાદતનો ચિતાર સૌથી ઠંડા મગજના વાંચકની સહાનુભૂતિને પણ જાગૃત કરશે." આ શબ્દો કોના છે ?

Ref : Wayfaring (My search for Truth)

લેખન : હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)

- **Science** (વિજ્ઞાન )

  Intelligence competing against righteousness and seemingly winning, but actually losing.

  સચ્ચાઈના મુકાબલામાં હરીફાઈ કરે તેવી અને ઉપલક દ્રષ્ટિએ જીતી જતી, પરંતુ વાસ્તવમાં હારી જતી બુધ્ધિ (એનું નામ વિજ્ઞાન).

- **Family** (પરિવાર)

  A family is a nation in itself. Respect it. Never interfere in it unless one of its members calls you for help. Even then, try to reform the entire family and strengthen its bonds rather than protecting one of its members against the others.

  પરિવાર સ્વયમ એક રાષ્ટ્ર (ઉમ્મત) છે. તેનું સન્માન જાળવો. તેની અંદર કદી પણ દખલગીરી કરતા નહીં સિવાય કે તેના સભ્યોમાંથી કોઈ તમને મદદ માટે બોલાવે. એમ છતાંય સમગ્ર પરિવારને સુધારવાની કોશિશ કરવી અને તેના સભ્યોમાંથી કોઈ એકનું બીજાઓની સામે રક્ષણ કરવા કરતાં તો તેમના બંધનોને મજબૂત બનાવો.

- **Life** (જીવન )

  Everyone's life is a lesson to everyone else.

  દરેક જણનું જીવન બીજા દરેક જણ માટે એક બોધપાઠ છે.

- **Knowledge** (ઈલ્મ / જ્ઞાન)

  To be able to describe what you discern.

  તમે જે કાંઈ પારખી લીધું હોય તેનું વર્ણન કરવા સક્ષમ હોવું (તેનું નામ ઈલ્મ).

- **Faith** (ઈમાન / શ્રધ્ધા)

  When you express your faith to alienate people, you are making wrong use of it.

  જ્યારે તમે તમારી શ્રધ્ધાને લોકો તરફ પરિવર્તિત કરો છો તો તમે તેનો ખોટો ઉપયોગ કરો છો.

- **Punishment** (શિક્ષા / સજા)

  If the punishment that is given to the offenders can neither reform the offenders nor impart security to the society from their offences, the punishment is a mere eyewash.

  એ સજા કે જે અપરાધીને આપવામાં આવે છે તે જો અપરાધીઓમાં સુધાર ન લાવી શકે કે ન તો તેમના અપરાધોથી સમાજને સલામતી આપી શકે તેવી સજા નર્યી છેતરપિંડી છે.

- **Existence** (અસ્તિત્વ)

  Don't act, be!

  (માત્ર) કાર્ય ન બજાવી લાવો, બની જાઓ.

- **Language** (ભાષા)

  If you speak a language simply because you like some other language but people cannot understand the language you like, your message will never be understood.

  જો તમે કોઈ ભાષા માત્ર એ કારણે બોલતા હો કે તમને કેટલીક ભાષાઓ ગમે છે, પરંતુ તમને જે ભાષા ગમતી હોય તે લોકો સમજી શકતા ન હોય તો તમારો સંદેશ કદી પણ સમજવામાં નહીં આવે.

- **Success** (સફળતા / કામયાબી)

  Often, success lies in identifying ones responsibilities and carrying them out rather than looking for personal freedom and enjoying it.

  અનેક વાર કામયાબી પોતાની જવાબદારીઓને ઓળખવામાં અને તેમને અમલમાં મૂકવામાં રહેલી હોય છે, નહીં કે વ્યક્તિગત આઝાદી શોધવામાં અથવા તેનો આનંદ માણવામાં.

- **Love** (મોહબ્બત / પ્રેમ)

  It's not how many people love you, but how deeply they love you, that counts.

  એ મહત્ત્વનું નથી કે કેટલા બધા લોકો તમારી સાથે મોહબ્બત કરે છે, પરંતુ મહત્ત્વનું એ છે કે કેટલી ગાઢ રીતે તેઓ તમારી સાથે મોહબ્બત કરે છે.

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો**

# રોજી માટેની કોશિશની સાથે ઇબાદત

સંકલન : મોલ્વી ખાદિમહુસૈન (મોલીપુરવાળા)

જો કે દુનિયામાં એવા લોકો પણ જોયા હશે અથવા જોતા હોઈશું કે કેટલાક તો બસ રોજી કમાવા અને મેળવવામાં જ વ્યસ્ત રહે છે જાણે કે તેમણે ઈબાદત અને અન્ય ફરજો તરફથી મોઢું ફેરવી લીધું હોય.

કેટલાક એવા લોકો પણ જોયા હશે અથવા જોતા હોઈશું કે જે ઈબાદત અને અન્ય ફરજો તરફ ધ્યાન તો આપે છે, પરંતુ તેઓ પોતાના કામધંધા અને વ્યવસાય તરફ બિલકુલ ગાફેલ હોય.

ખરું તો એ છે કે આ બન્ને કોઈને કોઈ વસ્તુની ચૂક કરી રહ્યા છે, કારણ કે ઈસ્લામમાં આપણને કહેવામાં આવ્યું છે એમ ઈબાદતના સમયે ઈબાદત અને કામધંધાના સમયે કામધંધો અને અન્ય ફરજો અદા કરે તે સાચી રીતે કામયાબ છે. અને ખરી રીતે તો અલ્લાહની આપેલી બધી ફરજો તેના તરીકા પ્રમાણે, યોગ્ય સમયે અદા કરવી તે ઈબાદત જ છે.

અલ્લાહ તઆલા સૂરા ઝારિયાત, સૂરા-૫૧, આયત-૫૬ થી ૫૮માં ફરમાવે છે :

وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْاِنْسَ اِلَّا لِيَعْبُدُوْنِ ﴿٥٦﴾ مَآ اُرِيْدُ مِنْهُمْ مِّنْ رِّزْقٍ وَّمَآ اُرِيْدُ اَنْ يُّطْعِمُوْنِ ﴿٥٧﴾

اِنَّ اللّٰهَ هُوَ الرَّزَّاقُ ذُو الْقُوَّةِ الْمَتِيْنُ ﴿٥٨﴾

*(અને મેં જિન્નાતો અને ઈન્સાનોને અમસ્થા પેદા કર્યા નથી પણ એ માટે કે મારી ઈબાદત કરે, ન તો હું તેમની પાસે રોજી માગું છું કે ન તો એ ચાહું છું કે તેઓ મને ખવડાવે, પરંતુ તે પોતે તેમને રોજી આપનાર શક્તિમાન અને બળવાન છે.)*

આ આયતમાં અલ્લાહે ઈન્સાનો અને જિન્નાતોની પેદાઈશનો હેતુ બતાવ્યો છે કે તેમને મેં નકામા, વ્યર્થ પેદા નથી કર્યા, પરંતુ મારી ઈબાદત માટે પેદા કર્યા છે. વધુમાં કહ્યું, ન હું તેમની પાસે રોજી માગું છું અને ન એ ચાહું છું કે તે મને ખવડાવે, પરંતુ હું જ તેમને રોજી આપનારો છું.

એક એ વાત કે જે આપણે અગાઉ જાણી કે રોજી મેળવવા કોશિશ કરવી તે આપણા ઉપર ફરજ છે અને એ પણ ઈબાદતમાંથી છે. પરંતુ એવું પણ ન હોવું જોઈએ કે રોજીની તલાશ અને કોશિશમાં, કે જેનો અલ્લાહે વાયદો કર્યો છે અને તે પોતે કહે છે કે હું આપીશ, છતાંય આપણે તેની શોધમાં તેની જ ઈબાદતમાં ચૂક કરીએ.

અલ્લાહ તે લોકોની પ્રશંસા કરે છે કે જે લોકો વેપાર અને ખરીદવેચાણના સમયે તેની યાદથી ગાફેલ થતા નથી અને નિયમિત તેની ઈબાદત બજાવી લાવે છે.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને કુરઆનની આ આયત સૂરા નૂર, સૂરા-૨૪, આયત-૩૭

رِجَالٌ لَّا تُلْهِيْهِمْ تِجَارَةٌ وَّلَا بَيْعٌ عَنْ ذِكْرِ اللّٰهِ... ﴿٣٧﴾

*(એવા લોકો કે જેમને ન તો વેપાર કે ન તો લેવડદેવડ અલ્લાહના ઝિક્રથી ગાફેલ કરે છે...)*

તેના વિષે પૂછવામાં આવ્યું તો આપ (અ.)એ ફરમાવ્યું, આ એ વેપારીઓ છે કે જ્યારે નમાઝનો સમય થાય છે ત્યારે વેપારને છોડી દઈને નમાઝ માટે રવાના થઈ જાય છે આ લોકોનો દરજ્જો તે લોકોથી મહાન છે કે જે વેપાર કરતા નથી."

અહીં એવું કહેવામાં આવ્યું છે કે જેઓ વેપારધંધો તો કરે જ છે, પરંતુ જ્યારે નમાઝનો સમય થાય છે કે તરત જ તેઓ નમાઝ અદા કરે છે અને આ લોકો તે લોકો કરતાં શ્રેષ્ઠ છે કે જેઓ વેપાર ધંધો કરતા નથી.

એક હદીસમાં ઈમામ રઝા (અ.) ફરમાવે છે, "જ્યારે તું લેવડદેવડમાં તલ્લીન હોય અને નમાઝનો સમય થઈ જાય તો તેને છોડી દે અને નમાઝ માટે હાજર થઈ જા અને વેપાર તને કોઈ પણ રીતે પોતાનામાં મશ્ગૂલ ન કરી દે, કેમ કે અલ્લાહ તઆલા તે લોકોની પ્રશંસા કરતાં ફરમાવે છે, "એ લોકો કે જેમને વેપાર અને ખરીદવેચાણ ખુદાની યાદથી ગાફેલ કરતા નથી", આ એ લોકો હતા કે જેઓ વેપાર કરતા હતા, પરંતુ જ્યારે નમાઝ કાયમ થતી ત્યારે મસ્જિદમાં હાજર થઈ જતા અને પોતાનું કામકાજ છોડી દેતા હતા. આ પ્રકારના લોકોનો સવાબ અને બદલો એ લોકો કરતાં વધારે છે કે જેઓ રાહિબોની જેમ કામ અને વેપાર છોડીને ફક્ત ઈબાદત અને નમાઝમાં તલ્લીન રહે છે."

સહીફએ કામેલામાં ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) દુઆ નં.-૨૦માં ફરમાવે છે :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّآلِهٖ، وَاكْفِنِىْ مَعُوْنَةَ الْاِكْتِسَابِ، وَارْزُقْنِىْ مِنْ غَيْرِ احْتِسَابٍ، فَلَا اَشْتَغِلُ عَنْ عِبَادَتِكَ بِالطَّلَبِ...

*(અય અલ્લાહ ! સલવાત મોકલ મોહંમદ (સ.) અને આલે મોહંમદ પર, અને મને ગુનાહિત કાર્યોના રંજથી બેફિકર કરી દે અને મને અઢળક રોજી અતા કર કે જેથી રોજીની શોધખોળમાં હું તારી ઈબાદતથી વંચિત ન થઈ જાઉં...)*

ઘણી વખત આપણી ઈબાદત અથવા નમાઝ એટલા માટે પણ છૂટી જતી હોય છે કે આપણને એવો વિચાર આવતો હોય છે કે વધુ મહેનત કરીએ જેથી વધારે રોજી મળે.

હઝરત ઈમામ હસન અસ્કરી (અ.)એ ફરમાવ્યું," જે રોજીની અલ્લાહ તઆલાએ પોતે જવાબદારી લીધી હોય તેની શોધખોળ તમને વાજિબ અમલોથી રોકી ન લે, કારણ કે લાલચુ માણસ પોતાના મુકદ્દરથી વધારે પ્રાપ્ત કરી શકતો નથી."

આ હદીસોએ આપણને બતાવ્યું કે મહેનત મજદૂરીની સાથે સાથે ઈબાદતમાં ક્યારેય પણ ચૂક કરવી જોઈએ નહીં. અને જેઓ વ્યવસાયની સાથે સમયસર પાબંદીથી ઈબાદત અને નમાઝનો ખ્યાલ રાખે છે તે માત્ર ઈબાદત કરનારથી શ્રેષ્ઠ છે. અને વળી ગમે તેટલી લાલચ કે વધુ પરિશ્રમ આપણને અલ્લાહની નક્કી કરેલી રોજીમાં વધારો કરી શકતી નથી, માટે આપણે સમયસર ઈબાદત અને સાથે સાથે મહેનત તથા કોશિશ કરતા રહેવું જોઈએ.

રસૂલલ્લાહ (સ.)ના એક સહાબી કે જેમનું નામ અબૂ દરદા હતું. તેઓ ખૂબ જ ગરીબ અને વધારે બાલબચ્ચાંવાળા હતા. એક દિવસ દરબારે રિસાલતમાં આવીને અરજ કરી, યા રસૂલલ્લાહ

(સ.) ! હું બચરવાળ છું અને મારી પાસે કમાણીનું કોઈ સાધન નથી. જીવન દુઃખમાં વ્યતીત થઈ રહ્યું છે. આપે તેને સાત દિરહમ આપ્યા અને કહ્યું કે આની ખજૂર લઈને મસ્જિદના દરવાજા પર બેસીને વેચજો. અબૂ દરદાએ આ રીતે વેપાર શરૂ કર્યો. હઝરત રસૂલે ખુદા (સ.)એ એ જ સાંજે હઝરત અલી (અ.)ને કહ્યું, ચાલો અબૂ દરદા પાસેથી ખજૂર ખરીદીએ. આપ (સ.)એ ત્રણ દિરહમની ખજૂર લીધી. આ જોઈને બીજા લોકો પણ ખરીદવા લાગ્યા. તે દિવસે સારો વકરો થયો. બીજા દિવસે ફરી તેની ખજૂર લાવ્યા. એમ કરતાં કરતાં થોડા દિવસોમાં તો દુકાન બનાવી દીધી. દિવસે દિવસે કમાણી વધવા લાગી. ટૂંક સમયમાં તો પૈસા દેખાવા લાગ્યા.

એક દિવસ, કોઈએ રસૂલલ્લાહ (સ.)ને ખબર આપી કે આજે તો અબૂ દરદાએ દુકાન લૂંટાવી દીધી. જે કાંઈ હતું તે બધું લોકોને આપી દીધું. આપ (સ.) એ તેમને બોલાવીને કહ્યું, તમે આ શું કર્યું ? અબૂ દરદાએ કહ્યું, સરકાર ! મારું ઈમાન મને ખતરામાં લાગ્યું, પહેલાં હું આપના પહેલાં મસ્જિદમાં આવી જતો હતો. જ્યારે દુકાનની શરૂઆત થઈ તો આપ જ્યારે તશરીફ લાવતા ત્યારે હું મસ્જિદમાં આવતો. ત્યાર પછી હું આપના આવી ગયા પછી આવતો. ત્યાર પછી તો નમાઝ શરૂ થઈ ગયા પછી આવવા લાગ્યો. એક દિવસ તો ઘરાકી ખૂબ જ હતી તેથી ઘણો વધારે સમય લાગી ગયો અને આપ નમાઝ પઢાવીને ઘેર ચાલ્યા ગયા. મને બહુ લાગી આવ્યું. બસ, બીજા દિવસે મેં દુકાન લૂંટાવી દીધી. મારા મનમાં થયું કે આ મારા ઈમાન માટે ખતરો છે. આપ (સ.)એ ફરમાવ્યું, બાલબચ્ચાંનું ગુજરાન કેવી રીતે ચાલશે ? કહ્યું, જેમ આજ દિવસ સુધી ચાલતું હતું તેમ ચાલશે. ત્યારે આપ (સ.)એ મુસલમાનોને હુકમ કર્યો કે અબૂ દરદાને મદદ કરતા રહેજો. આપ પોતે પણ અવારનવાર તેની મદદ કરતા રહેતા હતા.

આ પ્રસંગથી આપણને જાણવા મળ્યું કે આપણા પરિવારના ભરણપોષણ માટે આપણે મહેનત મજદૂરી કરવી જોઈએ, પરંતુ અલ્લાહની ઈબાદતનો સમય જતો કરવો જોઈએ નહીં. ટૂંકમાં એ જ કે ભલે આપણે વેપારધંધાને વધુ વિકસાવીએ, પરંતુ દિવસે દિવસે આપણી બંદગી અને ઈબાદતમાં પણ વધારો થવો જોઈએ. અલ્લાહ તઆલા સર્વે મોમિનીન અને મોમિનાતને દુનિયા અને આખેરતમાં કામયાબ કરે, આમીન, યા રબ્બલ આલમીન.




HEARTY MART

# હાર્ટીમાર્ટ સુપર માર્કેટ, છાપી

# સંસ્કાર શોપ

**Tel. No. : 02739 - 270351**
**Customer Care No. : 9879359740**

**મોમિન શબ્બીરઅલી** – 8732935046
**મોમિન હસનઅબ્બાસ** – 9879295607

અનાજ, કરિયાણું, તેલ, ઘી, કઠોળ તેમજ દરેક ગરમ મસાલા અને ડ્રાયફ્રૂટ જેવા કે... બદામ, કાજુ, પીસ્તા, અંજીર અને શરબત, બિસ્કીટ, સાબુ, શેમ્પુ તથા હેર ઓઈલ દરેક કંપનીના મળશે.

હોજીયરી, કોસ્મેટીક તથા ગીફ્ટ આર્ટીકલ, હાઉસ વેર, નોન સ્ટીક તેમજ પ્લાસ્ટીક અને કાચની દરેક વેરાયટીઝ મળશે.

મોહર્રમ માસ દરમિયાન મજલિસમાં નિયાઝ માટે બિસ્કીટ, નાનખટાઈ, કેક, ચોકલેટ તેમજ જમણવારના નિયાઝની દરેક વસ્તુઓ **વાજબી ભાવે મળશે.**

દરેક વસ્તુ ખરીદતાં પહેલાં એકવાર હાર્ટીમાર્ટ સુપર માર્કેટની અવશ્ય મુલાકાત લો.

**નોંધ : મોટા ઓર્ડર માટે અગાઉથી જાણ કરવી.**

**સબસે ખાસ...**
**ઘર કે પાસ...**

# કુરઆને મજીદના
# સૂરાઓનો પરિચય

**સૂરા નં.૮૯** **સૂરા ફજ્ર**

કુલ ૩૦ આયતો ધરાવતો આ સૂરો મક્કામાં નાઝિલ થયેલો હોવાથી મક્કી છે.

**કસમ છે પ્રભાતની. (૧)**
**અને દસ રાત્રીઓની. (૨)**
**અને બેકી તથા એકીની. (૩)**
**અને રાતની જ્યારે કે તે વિદાય થાય છે. (૪)**

وَ الْفَجْرِ તેની તફસીરમાં કેટલાક કોલ છે (૧) ફજ્રનો અર્થ મોહર્રમની ફજ્ર અને તે પછીની દસ રાતો (૨) ફજ્રનો અર્થ કુરબાનીના દિવસની સવાર અને તેની પહેલાંની દસ રાતો (૩) ફજ્ર એટલે માત્ર સવાર અને દસ રાતથી મુરાદ માહે રમઝાનની છેલ્લી દસ રાતો (૪) હઝરત મૂસા (અ.)ની એ દસ રાતો કે જે પાછળથી વધારવામાં આવી.

وَالشَّفْعِ وَالْوَتْرِ આના માટે પણ કેટલાક કોલ છે. (૧) શફ્અ એટલે બેકી અને વિત્ર એટલે એકી (૨) શફ્અથી મુરાદ બધી મખ્લૂક અને વિત્રથી મુરાદ જાતે વાજિબુલ વજૂદ (અલ્લાહ) (૩) તેથી મુરાદ નમાઝે શબની શફ્અ અને વિત્રની રકાત (૪) શફ્અથી મુરાદ નહર કરવાનો દિવસ (કુરબાનીનો દિવસ) અને વિત્રથી મુરાદ અરફાતનો દિવસ (૫) શફ્અથી મુરાદ સામાન્ય દિવસ અને રાત્રીઓ અને વિત્ર એટલે કયામતનો દિવસ (૬) શફ્અથી મુરાદ હઝરત અલી (અ.) અને જનાબે ફાતેમા (અ.) અને વિત્રથી મુરાદ નબીએ કરીમ (સ.) (૭) શફ્અથી મુરાદ સફા અને મરવાના પહાડો અને વિત્રથી ખાના–એ–કા'બા.

તફસીરે બુરહાનમાં છે કે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી વર્ણન છે કે ફજ્રથી મુરાદ હઝરત કાએમે આલે મોહંમદ (અ.)નું તશરીફ લાવવું અને દસ રાતોથી મુરાદ હઝરત ઈમામ હસન (અ.)થી લઈ હઝરત ઈમામ હસન અસ્કરી (અ.) સુધી દસ ઈમામો છે કે જેઓ જુલ્મ અને દુ:ખની તારીકીમાં સમય વિતાવી ગયા. શફ્અથી મુરાદ હઝરત અમીરુલ મોમિનીન (અ.) અને જનાબે ફાતેમા (અ.) છે. વિત્રથી મુરાદ હઝરત મોહંમદ મુસ્તફા (સ.) છે, અને એક રિવાયતમાં છે કે શફાઅતથી મુરાદ હઝરત રસૂલે ખુદા (સ.) અને હઝરત અલી (અ.) છે. વિત્રથી મુરાદ વાજિબુલ વજૂદ છે.

وَالَّيْلِ اِذَا يَسْرِ થી મુરાદ પ્રત્યેક વિતી જનારી રાતની કસમ છે, કારણ કે આમાં હિકમત, કારીગરીએ ખુદાની તરફ લોકોનું ધ્યાન ખેંચ્યું છે અને તેમાં વિચાર કરવાથી ઈન્સાનને બોધપાઠ મળે છે, તેની તાવીલ એ કે જાલિમ હુકૂમતોનું ખતમ થવું અને ઈન્સાફના દિવસનું ઉદય થવું.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **શું તેમાં બુધ્ધિશાળીઓ માટે એક કસમ નથી ? (૫)**

**શું તેં નથી જોયું કે તારો પરવરદિગાર આદની કોમ સાથે કેવી રીતે વર્ત્યો. (૬)**

**જેઓ મોટા મોટા થાંભલાવાળી ઈમારતોવાળા**

**ઈરમ (શહેરના) રહેવાસીઓ હતા. (૭)**

શું એમાં બુધ્ધિશાળીઓ માટે કસમ નથી? એટલે કે એ વાત પર વધારે જોર આપવા માટે ફરમાવ્યું છે કે અકલમંદો અને બુધ્ધિશાળી લોકો માટે વિચારવાની તક આપી છે જેથી અલ્લાહની એકતા તરફ સાચું માર્ગદર્શન મળી જાય, પછી કહેવામાં આવે છે કે શું તેં જોયું નથી કે તારા રબે આદની કોમ સાથે કેવો વર્તાવ કર્યો ? કે એ બનાવથી તેઓ સબક લે ? આદનું વર્ણન એટલા માટે કરવામાં આવ્યું છે કે તેમનાં શરીરો બહુ જ મોટાં હતાં અને તે જ હુદની કોમ હતી અને ઈરમ વિષે કેટલાકે કહ્યું છે કે તે તેના કબીલાનું નામ છે. કહે છે કે આદ બે હતા એક આદે ઈરમ જેના વિષે કહેવાય છે કે તેણે આદે ઊલાને હલાક કર્યો અને કેટલાક કહે છે કે આદના દાદાનું નામ ઈરમ હતું અને તેની વંશાવળી છે આદ બિન ખોસ, બિન ઈરમ, બિન સામ બિન નૂહ અને કેટલાકનો ખ્યાલ છે કે ઈરમ એ શહેરનું નામ છે કે જેમાં તે કોમ આબાદ હતી, તો કેટલાક દમિશ્કને તો કેટલાક ઈસ્કંદરીયાને ઈરમ કહે છે, મુફસ્સેરીનનો એ ખયાલ છે કે ઈરમ એ શહેરનું નામ છે કે જે શદ્દાદે બનાવ્યું હતું અને એ કોમ એટલી બધી શક્તિશાળી હતી કે તેના લોકો મોટી ટેકરીઓને પણ એક હાથે ઉપાડી લેતા હતા, આ સ્થળે શદ્દાદ અને તેની જન્નતનું જે વર્ણન કરવામાં આવ્યું છે તે આગળ લખવામાં આવી ચૂકયું છે.

મોહર્રમ માસમાં મું ચાંદ ૧ થી હઝરત ઈમામ હુસૈન અ.સ. ના ચાલીસમા સુધી જે પણ જવ્વાર મોમીનભાઈઓ તેમજ મોમીના બહેનાએ મહેરહુસૈન બાવા સાહેબની દરગાહની ઝિયારત માટે આવવાનું હોય અને જમણવારની વ્યવસ્થા કરવાની હોય તો નીચે આપેલા મોબાઈલ નંબર પર સંપર્ક કરવો.

મોમીન મદદઅલી(કારભારી શ્રી ધોળકા)
મો.નં: **99748 02252**
✔ મોમીન આબાદઅલી (સાયળવાળા)
મો.નં: **78744 04085**
મોમીન મહંમદઅલી (મુખીશ્રી સરખેજ)
મો.નં: **99099 46429**
મોમીન નિઝારઅલી (સાયળવાળા)
મો.નં: **97256 04822**

<u>દરગાહનું સરનામ</u>

મહેરહુસૈન બાવા સાહેબની દરગાહ (ઉર્ફે કાસમઅલી બાવાની વાડી), બેડા બાગોદરા હાઈવે, ઊંટવાળી રોડ, ધોળકા-387810

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **કે તેના જેવું શહેર (દુનિયાના) બીજા શહેરોમાં બનાવવામાં આવ્યું ન હતું. (૮)**

**અને સમૂદ (ની કોમ) સાથે (કેવું વર્તન ચલાવ્યું) કે જેમણે મેદાનોમાં (મોટા મોટા) ખડકો કોતરી (અખંડ ઈમારતો બનાવી) હતી. (૯)**

**અને ફિરઓન સાથે પણ કે જે (લોકોને) શિક્ષા (કરવા) માટે ખૂંટા રાખતો હતો ? (૧૦)**

**જે (સઘળા)ઓએ શહેરોમાં ઘણું માથું ઊંચકયું હતું. (૧૧)**

**પછી તેમાં ખરાબી વધારી દીધી હતી. (૧૨)**

**જેથી તારા પરવરદિગારે પણ તેમના પર શિક્ષાનો કોરડો ચલાવ્યો. (૧૩)**

**બેશક તારો પરવરદિગાર ઘાતમાં છે. (૧૪)**

હઝરત સાલેહ (અ.)ની કોમ સમૂદ હતી જે પહાડોમાં પોતાના ઘરો બનાવતી હતી. પછી ફિરઓનનું વર્ણન છે કે જે પોતાના વિરોધીઓને જમીન પર સુવડાવી તેમના હાથપગમાં ખીલા ઠોકાવતો હતો અને તેણે આસિયાને પણ તેમના ઈમાન લાવવાના કારણે તેમને જમીન પર સુવડાવી તેમના હાથપગમાં ખીલા ઠોકયા હતા કે જેમનું વર્ણન આગળ આવી ચૂકયું છે. પછી કુદરતે તેને અઝાબના કોરડાની સજા આપી હતી કે જેનું વર્ણન આગળ થઈ ગયું છે, અલ્લાહ જાલિમોથી બદલો લેવા માટે શક્તિશાળી છે.

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

## જનાબે અમીર (અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

**અહલેબૈત (અ.)નું કદી પણ દોઝખી ન હોવું. :**

(૧) અલ્લાહ તઆલાની આ આયતે કરીમામાં કે જેનો અનુવાદ આ મુજબ છે કે – "અલબત્ત ટૂંક સમયમાં જ તારો રબ તને આપશે તેથી તું રાજી થઈ જઈશ." ફરતબી, ઈબ્ને અબ્બાસ (રઝી.અ.) થી નકલ કરે છે કે મોહંમદ (સ.)ને રાજી કરવામાં આવ્યા છે કે નહીં દાખલ કરવામાં આવે આપની અહલેબૈતમાંથી કોઈ એક વ્યક્તિને આગમાં.

(૨) ઈમરાન બિન હસીન (રઝી.અ.) રિવાયત કરે છે કે રિસાલત મઆબ (સ.)એ ફરમાવ્યું કે મેં મારા પરવરદિગારથી સવાલ કર્યો હતો કે મારા અહલેબૈતમાંથી કોઈ એકને તે આગમાં ન નાખે. તેથી ખુદાએ મારી દુઆને કબૂલ કરી.

**અહલેબૈતનું અઝાબ થવાથી દૂર હોવું :**

અનસ (રઝી.અ.)થી મન્કૂલ છે કે આંહઝરત (સ.)એ ફરમાવ્યું છે કે મારા રબે મારી અહલેબૈતની બાબતમાં વાયદો કર્યો છે કે તેમને અઝાબ નહીં કરે.

**અહલેબૈતનું ઉમ્મતની શફાઅત કરનાર હોવું :**

અબૂ હુરૈરા (રઝી.અ.)થી મરવી છે કે જનાબે રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું છે કે શફાઅત કરવાવાળા પાંચ છે (૧) કુરઆન (૨) રહમ (૩) અમાનત (૪) તમારા નબી (૫) અને તમારા નબીના અહલેબૈત.

**અહલેબૈતની મોહબ્બત સાત જગ્યાએ કામમાં આવવી :**

અબ્દુલ્લાહ બિન મસઊદ (રઝી.અ.)થી રિવાયત છે કે રસૂલે પાક (સ.)એ ફરમાવ્યું કે મારી અહલેબૈતની મોહબ્બત સાત જગ્યાએ ફાયદો પહોંચાડે છે કે જેનો ખોફ ભારે છે. (૧) મોત વખતે (૨) કબરમાં (૩) ઉઠવાના વખતે (૪) (હિસાબ) કિતાબના સ્થળે (૫) મીઝાન (ત્રાજવા)ની નજીક અને (૬) પુલે સિરાતની પાસે.

**મુસલમાનો પર અહલેબૈતની ઈતાઅત કરવી ફર્ઝ હોવું :**

ઈબ્ને અબ્બાસ (રઝી.અ.)થી રિવાયત છે કે જનાબે રસૂલે કરીમ (સ.)એ ફરમાવ્યું છે કે અલ્લાહ તઆલાએ મારી અને મારા અહલેબૈતની ઈતાઅતને લોકો ઉપર "ખાસ કરીને" અને મખ્લૂક ઉપર આમ દૃષ્ટિએ ફર્ઝ કરી છે. અરજ કરવામાં આવી કે યા રસૂલલ્લાહ ! લોકો કોણ છે અને ખિલ્કત કોણ છે ? આપ (સ.)એ ઈર્શાદ ફરમાવ્યો કે લોકો મક્કાવાસીઓ છે અને ખિલ્કત એ છે કે જે ખુદાએ સજીવ પેદા કરી છે.

**અહલેબૈતના મોહિબનું જન્નતી હોવું :**

જનાબે અમીર (અ.)થી મન્કૂલ છે કે આંહઝરત (સ.)એ હસન અને હુસૈનનો હાથ પકડીને ફરમાવ્યું, જે કોઈ મને અને આ બન્નેને

અને આ બન્નેના માબાપ સાથે મોહબ્બત રાખશે, કયામતના દિવસે મારી સાથે મારા દરજ્જા પર હશે.

**અહલેબૈતના દુશ્મનનું આંહઝરત (સ.)ની શફાઅતથી મહેરૂમ હોવું :**

અનસ (રઝી.અ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સ.)એ ફરમાવ્યું કે મારા અહલને અને અલીને પ્યાર કરો. જેણે મારા અહલેબૈતમાંથી કોઈ એકની સાથે બુગ્ઝ રાખ્યું, તેહકીકપૂર્વક તેના ઉપર મારી શફાઅત હરામ હશે.

**અહલેબૈતના દુશ્મનો પર જન્નતનું હરામ હોવું :**

જનાબે અમીર (અ.)થી મરવી છે કે આંહઝરત (સ.)એ ફરમાવ્યું છે કે તેહકીકપૂર્વક અલ્લાહ તઆલાએ જન્નતને હરામ કરી દીધું છે એવા માણસ ઉપર કે જે મારા અહલેબૈત પર જુલ્મ કરે અથવા તો તેમનાથી લડાઈ કરે અથવા તેમને ટોકે અથવા તેમને બૂરા કહે.

**અહલેબૈતના દુશ્મનનું દોઝખી હોવું :**

અબૂ સઈદ અલ ખુદરી (રઝી.અ.)થી રિવાયત છે કે જનાબે રિસાલત મઆબ (સ.)એ ફરમાવ્યું છે કે તે પાક ઝાતની કસમ છે કે જેની કુદરતના કબજામાં મારી જાન છે, અમ અહલેબૈતથી કોઈ બુગ્ઝ નહીં રાખે, પરંતુ એ કે તેને અલ્લાહ તઆલા આગમાં ઊંધો નાખશે અને હાકિમ અને ઈમામ અહમદની દૃષ્ટિએ બીજી રિવાયતમાં એવું છે કે પરંતુ ખુદા તેને આગમાં નાખશે.

**અહલેબૈતના દુશ્મનો પર આંહઝરત (સ.)નું બદ્દુઆ કરવું :**

જનાબે અમીર (અ.)થી રિવાયત છે કે આંહઝરત (સ.)એ દુઆ ફરમાવી કે અય પરવરદિગાર ! જે મારાથી અને મારા અહલેબૈતથી બુગ્ઝ રાખશે તેમને માલ અને અયાલ ખૂબ પ્રમાણમાં નસીબ કર અને એ બન્નેને તેમની ગુમરાહી માટે પુનરાવર્તિત કર જેથી તેમનો માલ ખૂબ જ હોય જેથી તેમનો હિસાબ લંબાઈ જાય અને તેમના અયાલ ઘણા બધા હોય જેથી તેમના શયતાનો બીજા વધે.

**હદીસ ઈન્ની તારેકો ફીકોમુસ્સકલૈનનું બયાન :**

(૧) ઝૈદ બિન સાબિતથી મરવી છે કે જનાબે રસૂલલ્લાહ (સ.)એ ઈર્શાદ ફરમાવ્યો કે હું તમારામાં બે ભારે વસ્તુઓ મૂકતો જાઉં છું, ખુદાની કિતાબ અને મારી ઈતરત, તે બન્ને એકબીજાથી જુદા નહીં થાય એટલે સુધી કે મારી પાસે નહીં આવે અને એક રિવાયતમાં છે કે ખલફે (સુપુત્રો) મૂકતો જાઉં છું.

(૨) ઝૈદ બિન અરકમ (રઝી.અ.)થી મન્કૂલ છે કે એક દિવસ પાણીના એક કિનારે કે જેને ખુમ કહેવાય છે કે જે મક્કા અને મદીનાની વચ્ચે આવેલ છે. જનાબે રસૂલલ્લાહ (સ.) અમારી વચ્ચે ખુત્બો

**ગડમથલ નં.૨૬૬નો ઉકેલ**


<u>**આડી ચાવીઓ :**</u> (૧) કુલસૂમ (૩) અલમદાર (૭) સહેરા (૮) રાજી (૯) ગરમ (૧૦) નમાઝ (૧૨) કાર (૧૩) દાદાગીરી (૧૭) સાસરીયું (૧૯) બારી (૨૦) હદ (૨૧) બશારત (૨૩) સતર (૨૫) લાદી (૨૬) લરદ (૨૮) માસ (૨૯) મા (૩૦) વિમોચન

<u>**ઊભી ચાવીઓ:**</u> (૧) કુરઆન (૨) મરજી (૩) અસગર (૪) લહેર (૫) મરામત (૬) રહેબર (૮) રાઝદાર (૧૧) માદા (૧૨) કારીગરી (૧૪) ફસાહત (૧૫) જારી (૧૬) કરબલા (૧૮) સદર (૧૯) બાતલ (૨૨) શાદી (૨૩) સદમો (૨૪) મૈસમ (૨૭) રવિ

પઢવા માટે ઊભા થયા. પછી ખુદાની સિફ્ત અને ગુણગાન બયાન કર્યાં અને વાએઝ અને વર્ણન પછી ફરમાવ્યું, અય લોકો ! હું પણ આદમી છું. એવું ગુમાન કરવામાં આવે છે કે મારી પાસે ખુદાના પયગામ પહોંચાડવાવાળો આવશે અને હું તેની સ્વીકૃતિ કરવાવાળો છું. હું તમારી વચ્ચે બે મોટી વસ્તુઓ મૂકતો જવાનો છું. પહેલી તો ખુદાની કિતાબ કે જેમાં હિદાયત અને નૂર છે, તેથી તમે ખુદાની કિતાબ છે કે જેમાં હિદાયત અને નૂર છે. તેથી તમે ખુદાની કિતાબને લઈ લો અને તેની સાથે તમસ્સુક કરો. પછી હઝરત (સ.)એ ખુદાની કિતાબ પર લોકોને આકર્ષિત કર્યા અને રગ્બત બતાવી. પછી ફરમાવ્યું, મારા અહલેબૈતમાં તમને પોતાની અહલેબૈત માટે ખુદાને યાદ દેવડાવું છું. તમને મારા અહલેબૈતના માટે ખુદાને યાદ અપાવે છે.


**રક્ષણ ફેબ્રીકેશન ગૃપ**

ગ્રીન હાઉસ, ખેતર, પ્લોટ, વાડી, વગેરેની ફેન્સીંગ જાળી અને ફેન્સીંગ તારની વાડનું કામ માલસામાન સાથે સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

**સંપર્ક**

મોહંમદઅલી વી. ગોદડ – ૯૫૫૮૯૦૦૯૭૦

સાજિદઅલી એમ. ગોદડ – ૯૪૨૭૩૬૫૧૪૭

૯૬૬૨૦૯૫૫૮૮

**મુ.પો. હરિપુરા, પો.અરોડા, તા. ઇડર, જી.સાબરકાંઠા.**



LUXURY IN TECHNOLOGY

દરેક સાઈઝની LED અવેલેબલ છે.

ઈમદાદઅલી (ઈલોલ તલાવ)

8733088449

9429477227

dantreliyaali@gmail.com

**ફાઈવ થર્ટી સ્વીટ એન્ડ બેકરી**

- ફરસાણ, સ્પે. નાનખટાઈ, કેસર પેંડા, શેકેલા પેંડાનો ઓર્ડર લેવામાં આવશે.
- નિયાઝ માટે વાજબી ભાવે મળશે.

**ઈલોલ તલાવ, જૂના બસ સ્ટેશન**

**મો. અકબરઅલી ડોડીયા**

મો. ૯૭૩૭૭૬૧૧૦૯

**મો. બાકરઅલી બાદરપુરા**


મો. ૯૪૨૭૦૩૮૪૨૯

# HONEST RESIDENCY

-:બુકીંગ સંપર્ક:-

હસન અબ્બાસ જી.ડોડીયા :
Mo.-76008 01883


ઈમ્દાદ અલી સાલેહ :
Mo.-99250 71486




લે-આઉટ પ્લાન

SALABLE AREA TABLE

| NO. | AREA IN MT. | AREA IN FEET. |
|---|---|---|
| 01 | 119.89 | 1290.01 |
| 02 | 83.81 | 901.79 |
| 03 | 83.81 | 901.79 |
| 04 | 83.81 | 901.79 |
| 05 | 83.81 | 901.79 |
| 06 | 96.28 | 1035.97 |
| 07 | 96.28 | 1035.97 |
| 08 | 83.81 | 901.79 |
| 09 | 83.81 | 901.79 |
| 10 | 83.81 | 901.79 |
| 11 | 139.18 + 111.02 (open) | 1497.57 + 1194.57 (open) |
| 12 | 154.15 + 128.77 (open) | 1658.65 + 1385.56 (open) |
| 13 | 97.52 | 1049.32 |
| 14 | 97.52 | 1049.32 |
| 15 | 97.52 | 1049.32 |
| 16 | 97.52 | 1049.32 |
| 17 | 97.52 | 1049.32 |
| 18 | 60.48 | 650.76 |
| 19 | 79.67 | 857.24 |
| 20 | 86.37 | 929.34 |
| 21 | 91.49 | 984.43 |
| 22 | 96.60 | 1039.41 |
| 23 | 108.49 + 140.93 (open) | 1167.35 + 1516.40 (open) |




કી-પ્લાન



# મીર અનીસના મરસિયા

**મરસિયા—૩** (ગતાંકનું ચાલુ) **مرثیہ-۳**

**ઇમામ હુસૈન (અ.)ની મદીનાથી સફર, કરબલામાં આગમન અને શહાદતનો પ્રસંગ**

**امام حسین علیہ اسلام کا مدینے کا سفر**
**ورودِ کربلا و واقعاتِ شہادت**

زینب یہ کہہ رہی تھی کہ آئے امامِ دیں — منہ دیکھ شہ کا رونے لگیں زینبؑ حزیں
فرمایا شہ نے روتی ہو کیوں خوف کچھ نہیں — حاکم کے گھر میں جائے گا حیدرؑ کا جانشیں
وہ اور ہے جگہ تمہیں جس کا خیال ہے
یاں مجھ پہ ہاتھ اٹھائے کوئی کیا مجال ہے

૯

**ઝૈનબ યે કેહ રહી થી કે આએ ઈમામે દીં — મુંહ દેખ શેહકા રોને લગીં ઝૈનબે હઝીં**
**ફરમાયા શેહને રોતી હો ક્યૂં ખૌફ કુછ નહીં — હાકિમકે ઘરમેં જાએગા હૈદરકા જાનશીં**
**વો ઔર હય જગહ તુમ્હેં જિસકા ખયાલ હય**
**યાં મુઝ પે હાથ ઉઠાએ કોઈ કયા મજાલ હય**

(ઝૈનબ (અ.) એવું કહી રહ્યાં હતાં કે ઈમામ હુસૈન આવી ગયા. ઈમામ હુસૈન (અ.)નું મોઢું જોઈને દુ:ખી ઝૈનબ રડવા લાગ્યાં. ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું કે તમે શા માટે રડો છો ? ડરવા જેવું કાંઈ નથી. હૈદરનો જાનશીન હુસૈન હાકિમના ઘેર જશે. તમને જેનો વિચાર આવે છે તે બીજી જગ્યા છે. અહીં મારા ઉપર હાથ ઉઠાવે એવી કોની મજાલ છે ?)

سمجھا چکے بہن کو جو حضرت بچشمِ تر — باندھی شہِ نجف کے کمربند سے کمر
ڈالا عبائے پاکِ محمدؐ کو دوش پر — لے کر عصا نبیؐ کا چلے شاہِ بحر و بر
یوں ساتھ تھے عزیز شہِ کم سپاہ کے
جیسے ستارے چرخ پہ ہوں گرد ماہ کے

સમઝા ચુકે બહન કો જો હઝરત બચશ્મે તર ૭ બાંધી શહે નજફકે કમરબંદ સે કમર
ડાલા અબાએ પાકે મોહંમદકો દોશ પર લેકર અસા નબીકા ચલે શાહે બહરોબર
યૂં સાથ થે અઝીઝ શહે કમ સિપાહ કે
જૈસે સિતારે ચર્ખ પે હોં ગિર્દ માહ કે

(જ્યારે ઈમામ હુસૈન (અ.) ભીની આંખે બહેનને સમજાવી ચૂકયા તો મૌલા અલી (અ.)નો કમરબંદ કમરમાં બાંધી દીધો. મોહંમદ (સ.)ની અબાને પોતાના ખભા ઉપર મૂકી દીધી. નબી સાહેબની અસા લઈને ઈમામ હુસૈન (અ.) ચાલ્યા. આપની સાથે પોતાના સ્વજનો અને થોડાક સિપાહીઓ હતા. જાણે કે આકાશમાં ચાંદની આજુબાજુ સિતારા હોય.)

اس دم کمال حضرت زینبؑ تھیں بے قرار بیت الشّرف سے جاتی تھیں ڈیوڑھی پہ بار بار
عباس سے بُلا کے کہا اے وفاشعار بھائی کو چھوڑیو نہ اکیلا بہن نثار
حاکم سے ہم سخن جو شہِ خوش خصال ہوں
تم اک طرف ہو ایک طرف میرے لال ہوں

ઈસ દમ કમાલ હઝરતે ઝૈનબ થીં બેકરાર ૮ બૈતુશ્શરફસે જાતી થીં ડેવળી પે બારબાર
અબ્બાસ સે બુલા કે કહા, અય વફાશુઆર ભાઈકો છોડિયો ન અકેલા બહન નિસાર
હાકિમસે હમસુખન જો શહે ખુશખિસાલ હોં
તુમ એક તરફ હો એક તરફ મેરે લાલ હોં

(એ વખતે હઝરત ઝૈનબ (અ.) ખૂબ જ બેકરાર હતાં. ઘરમાંથી દેવડી પર વારંવાર જતાં હતાં. તેમણે હઝરત અબ્બાસ (અ.)ને બોલાવીને કહ્યું કે અય વફા કરવાવાળા ! તમારા પર બહેન કુરબાન થાય, તમે ભૈયા હુસૈન (અ.) ને એકલા છોડતા નહીં. જ્યારે ભૈયા હુસૈન (અ.) હાકિમની સાથે વાતચીત કરે ત્યારે તમે એક બાજુ હો અને મારો લાલ અકબર બીજી તરફ હોય.)

یہ بات کہہ کے رونے لگی وہ جگر کباب چالیس شخص لے کے چلا ابنِ بُوترابؑ
جو دیکھتا تھا شانِ امامِ فلک جناب کہتا تھا وہ کہ رات کو نکلا ہے آفتاب
رستے میں شب کو حُسنِ نبیؐ کا ظہور تھا
افلاک تک زمیں کے ستاروں کا نُور تھا

યે બાત કેહ કે રોને લગી વો જિગર કબાબ ૯ ચાલીસ શખ્સ લેકે ચલા ઈબ્ને બૂતુરાબ
જો દેખતા થા શાને ઈમામે ફલક જનાબ કહેતા થા વો કે રાતકો નિકલા હય આફતાબ
રસ્તેમેં શબકો હુસ્ને નબીકા ઝુહૂર થા
અફલાક તક ઝમીં કે સિતારોંકા નૂર થા

(આટલું કહીને બીબી ઝૈનબ (અ.) રડવા લાગ્યાં. ફરઝંદે બૂતુરાબ હુસૈન (અ.) ચાલીસ માણસોને લઈને નીકળ્યા. જે કોઈ ઈમામ હુસૈન (અ.)ની શાન જોતો હતો તે કહેતો હતો કે રાતના સમયે સૂરજ નીકળ્યો છે. રસ્તામાં રાતના સમયે નબી સાહેબના હુસ્નનું ઝુહૂર હતું. આકાશ સુધી જમીનના સિતારાઓનું નૂર હતું.)

حاکم کے در پہ پہنچے تو کہنے لگے امام — تم سب رہو یہیں کہ نہیں واں تمہارا کام
پر جب کروں پکار کے حاکم سے میں کلام — درّا نہ آئیو کہ مدد کا ہے وہ مقام
گھبراتے اتنا کیوں ہو کہ میں بے قصور ہوں
نہ تم ہو مجھ سے دُور نہ میں تم سے دُور ہوں

**હાકિમ કે દર પે પહુંચે તો કહેને લગે ઈમામ — તુમ સબ રહો યહીં કે નહીં વાં તુમ્હારા કામ**
**૧૦**
**પર જબ કરૂં પુકાર કે હાકિમસે મૈં કલામ — દર્રાના આઈયો કે મદદકા હય વો મકામ**
**ઘબરાતે ઈત્ના ક્યૂં હો કે મૈં બેકુસૂર હૂં**
**ના તુમ હો મુઝસે દૂર ન મૈં તુમસે દૂર હૂં**

(હાકિમના દરવાજા પર પહોંચ્યા તો ઈમામ કહેવા લાગ્યા કે તમે બધા અહીં રહેજો, ત્યાં તમારું કામ નથી. પરંતુ જ્યારે હું હાકિમ સાથે પોકારીને વાત કરું તો તમે રજા વગર અંદર આવી જજો, કેમ કે તે મદદની જગ્યા હશે. તમે આટલા બધા કેમ ગભરાઓ છો ? હું બેકસૂર છું. ન તો તમે મારાથી દૂર છો કે ન હું તમારાથી દૂર છું.)


અકબરઅલી
ફોન : ૦૨૭૭૨ - ૨૪૮૩૯૭
મો. : ૯૪૨૮૬ ૪૬૪૨૯

Bhagyoday DAIRY

દુધ ◎ દહીં ◎ ઘી ◎ છાશ ◎ પનીર ◎ લસ્સી
પેડા ◎ હલવો ◎ બાસુંદી ◎ શ્રીખંડ ◎ કેરીનો રસ (મેન્ગો મિલ્ક શેક)

ભાગ્યોદય ડેરી, બગીચા વિસ્તારના નાકે,
પોલોગ્રાઉન્ડ, હિંમતનગર.


Zakir Hussain Y. Batti (Badarpur)
98 79 66 20 66
Aashiqali H. Momin (Dhroda)
99 749 87 901
PLASTIC CONTAINER
PACK LUCH TRAY
PACK LUCH COVER
PLASTIC SPOON
PLASTIC BAG
GARBAGE BAG
SILVER CONTAINER
Up Side Square & Owl Lid
SILVER FOIL
PAPER NAPKIN
TOOTHPICKS
ALL TYPES OF RESTAURANT DISPOSABLE MATERIAL AVAILABLE
PERENNIAL PACKAGING
17, Aeroma Estate, B/h. Samrat Hotel, Nr. City Puls, Sarkhej Road,
Ahmedabad - 380055, Email : perennialpack@gmail.com
Customer Care No.: 99 241 44 429, 99 798 68 429

MAKTABAH JAFARIYAH
Knowledge & Research Academy

# એપિટમિ એગ્રીકલ્ચરલ રિસર્ચ & ડેરી એજ્યુકેશન પ્રોગ્રામ

પ્રસ્તુતકર્તા : એપિટમિ ડેરી ફાર્મ (મક્તબા જાફરીયા), ડૉ. નજરઅલી એચ. માંકણોજીયા (કાકોશી)

## વિષાણુઓ (વાઈરસ)થી થતા રોગો

### : થાઈલેરીઓસીસ :

આ રોગ થાઈલેરીયા નામના બહુરૂપી પ્રજીવાણુઓથી થાય છે. તેમનો આકાર સળી જેવો ગોળાકાર, અંડાકાર અથવા અલ્પવિરામ જેવો હોય છે. પ્રજીવાણુઓ, લસીકાકણો અને પ્રોતીકોષમાં જોવા મળે છે. તેમનું ગુણન મુખ્યત્ત્વે લાસીકાકણોમાં થાય છે. બબેસીયાની જેમ આ પ્રજીવાણુઓનું પ્રસારણ પણ ઈતરડી, કથીરી, જીંગોડા મારફત છે. પરદેશી જર્સી, હોલ્સેટઈન ગાયો તેમજ સંકર ઓલાદમાં આ રોગ વધુ પ્રમાણમાં જોવા મળે છે. આપણાં દેશી જાનવરોને પણ આ રોગ લાગું પડે છે. પરંતુ તેમનામાં રોગનો સામનો કરવાની કુદરતી શક્તિ હોવાથી તેમને વ્યાપક અસર થતી નથી.

**રોગના લક્ષણો :** રોગવાહક ઈતરડી જાનવરને ચોંટ્યા બાદ ૧૦ થી ૨૫ દિવસમાં રોગનાં ચિહ્નો દેખાય છે. શરૂઆતમાં લસીકાગ્રંથિ મોટી થઈ જવાથી ચામડી નીચે ગાંઠો દેખાય છે. જાનવરને ૧૦૪ થી ૧૦૭૦ ફેરનહીટ જેટલો તાવ આવે છે. જે જાનવર સાજું થાય અથવા મરણ પામે ત્યાં સુધી રહે છે. માંદાં જાનવર પૂરો ખોરાક લઈ શકતાં નથી. આંખ, નાક અને મોઢામાંથી પાણી પડે છે. કેટલીક વખત આંખનાં પોપચાં અને કાન સૂઝી જાય છે. શ્વાસ લેવાની તકલીફ પડે છે. છેવટની અવસ્થામાં ફેફસાંમાં સોજો (ન્યુમોનિયા) આવે છે અને જાનવર મરણ પામે છે. રોગ લગભગ ૧૦ થી ૧૩ દિવસ સુધી રહે છે.

પરદેશી તેમજ સંકર ગાયોમાં મરણ પ્રમાણ ૯૦ થી ૧૦૦% જેટલું થાય છે. દેશી જાનવરોને મંદ (દીર્ઘકાલીન) પ્રકારનો રોગ થાય છે. ૧૦૨૦ ફેરનહીટ જેટલો તાવ આવે છે. જે થોડા દિવસ સુધી રહે છે અને પછી ધીરે ધીરે જાનવરો સારાં થઈ જાય છે.

**નિદાન :** માંદા જાનવરોનું લોહી અથવા લસીકાગ્રંથિનું પ્રવાહી તપાસીને કરી શકાય છે.

**ઉપચાર :** આ રોગ માટે અસરકારક ઔષધ બ્યુટાલેક્સ છે છતાં બેરનીલ, ઓક્સીટેટ્રાસાયકલીન, ક્લોરટેટ્રાસાયકલીન(એક્રોમાઈસીન) જેવી દવાઓ પશુ ડૉક્ટરની સલાહ મુજબ આપવાથી જાનવરને રાહત આપી શકાય છે. રોગ ફેલાતો અટકાવવા ઈતરડી, કથીરી જીગોડાનું નિયંત્રણ કરવું જરૂરી છે.


**બેસ્ટ ઈલેક્ટ્રીકલ**

::::::::: **ઓર્થોરાઈઝ ડીલર** :::::::::

**વાયર કેબલ** : જેનશન, પોલિકેબ, ફિનોલેક્સ, દર્શન, આર આર, રૂબિકોન
**એમ.સી.બી.** : ઈન્ડો એશિયન, એલ એન્ડ ટી, બિનટેક્સ, એચ.પી.એલ.
**મોટર પમ્પ** : હિતેશ, કિલોસ્કર, કોમ્પટ્રન, સર્જન
**લાઈટીંગ** : કોમ્પટ્રન, હેવલ્સ, ફિલિપ્સ, ઓસરામ, હેનોલેક્સ
**ઈલેક્ટ્રીક એસેસરીઝ** : હાઈફાઈ, ઓલવીન, પોઈન્ડર, વન્ડર, એન્કર

ઈલેક્ટ્રીકને લગતો તમામ માલ સામાન મળશે

૯૯૯૮૧૮૫૭૦૭ **મહેદીહુસૈન મોમિન**
૯૯૭૯૨૬૦૫૯૭ **બાકરઅલી મોમિન**

**૧૩, ધનરાજ કોમ્પલેક્ષ, અંબિકા પેટ્રોલ પંપની સામે, પ્રકાશ ઓટોની બાજુમાં, ઉજાલા સર્કલ, સરખેજ, અમદાવાદ.**



باغِ مجتبیٰ

## Bagh - e - Mujtaba

સમગ્ર શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅતના દરેક ભાઈઓ-બહેનોને જણાવતા આનંદ થાય છે. કે અમદાવાદ જુહાપુરા (મકરબા)માં હૈદરીબાગની લાઈનમાં ૧૩૨ ફુટ મકરબા મેઈન રોડ ઉપર "બાગે મુજતબા" નામની (અને.એ.એન.ઓ.સી., ટાઈટલ કલિયર, મ્યુનિસિપલ એપ્રુવલ પ્લાન વીથ બી.યુ. પરમિશન) સ્કીમ મુકવામાં આવી છે.જેનુ બુકીંગ તા.૨૪/૦૮/૨૦૧૪ થી શરુ થયેલ છે.અને વહેલા તે પહેલાના ધોરણે બુકીંગ લેવામાં આવે છે.

- ફાયનલ પ્લોટ ૯,૦૦૦ ચોરસ વાર
- મેઈન રોડ ની તરફ કોમર્શિયલ શોપ તેમજ તેની બિલકુલ પાછળ ઈમામવાડા માટે હોલ, અને પાછળના ના ભાગ માં રેસીડેન્સિયલ ફલેટ
- ઈમામવાડા માટે અંદાજીત ૧૦,૦૦૦ ચોરસ ફુટ જગ્યા નું આયોજન છે.
- ૧૧૬ ચો.વાર (2 BHK), ૧૩૭ ચો.વાર (2 BHK), ૧૭૧ ચો.વાર (3BHK),
- બોસ્તાને તિફલાન નું આયોજન કેરલ છે. (Pre Primary School )
- મેડિકલ કન્સલ્ટીંગ રૂમ નું પણ આયોજન કરેલ છે.
- રેસીડેન્સિયલ ફલેટ માટે કુલ છ બ્લોક (A,B,C,D,E,F,) રહેશે
- એક ટાવર (૧૨ ફલોર) માં બે બ્લોક બનશે (A+B,C+D,E+F) કુલ ત્રણ ટાવર બનશે.
- સંપૂર્ણ હવા-ઉજાસવાળું તથા સારી ગુણવત્તાવાળુ કન્સ્ટ્રકશન
- લોન ની સગવડ

| | | |
|---|---|---|
| આબિદહુસૈન પટેલ<br>૯૮૨૫૧૪૮૨૦૩ | મોહંમદઅલી લોઢા<br>૯૮૨૪૪૬૫૩૬૧ | વજીરઅલી પટેલ<br>૯૪૨૮૭૫૫૨૩૪ |
| સુલેમાનભાઈ ચૌધરી<br>૭૩૮૩૬૭૪૧૪૩ | સબ્બીરભાઈ ભટ્ટા | સલમાનભાઈ વાઘ<br>૯૮૨૪૬૨૮૨૮૧ |

સરનામું :

ફાઈનલ પ્લોટ નં. ૪૮/૧, અલ બુર્ઝની બાજુમાં ૧૩૨ ફુટ મકરબા રોડ,
મકરબા, અમદાવાદ - ૩૮૦૦૫૫.




## વસિયત વિષે

**એક જ પિતાનાં સંતાનોની મીરાસ :**

અગર કોઈ માણસ ફક્ત એક દીકરાને છોડીને જાય, ન પત્ની છોડે, ન માબાપ, તો કુલ માલ દીકરાનો હશે અને એવી જ રીતે અગર બે દીકરા અથવા તેનાથી વધારે હોય તો તેમની વચ્ચે બધો જ માલ એક સરખો વહેંચાશે. અને આવી જ રીતે અગર કોઈ માણસ ફક્ત એક દીકરીને છોડી જાય, ન પત્નીને છોડી જાય અને ન માબાપ, તો બધો જ માલ દીકરીનો હશે. એટલા માટે કે અલ્લાહ તઆલાએ માલ ઓલાદ માટે ગણ્યો, એવું નથી કહ્યું કે દીકરીના માટે અડધો, પરંતુ એ કે તે દીકરી મરનારના માબાપની સાથે હોય. એવી જ રીતે અગર દીકરીઓ બે અથવા તેનાથી વધારે હોય તો બધો જ માલ તે બધાની વચ્ચે સરખે ભાગે વહેંચાશે. અને અગર કોઈ પોતાની દીકરી અને પોતાના દીકરાની દીકરી (પૌત્રી) અને દીકરાનો દીકરો (પૌત્ર) છોડીને જાય અને તેની પત્ની અને તેનાં માબાપ પણ હોય તો બધો જ માલ તેની પોતાની દીકરીના માટે છે. પોતાની સુલ્બી ઓલાદના હોવા છતાં ઓલાદની ઓલાદ માટે કંઈ નથી એટલા માટે કે જે વ્યક્તિગત રીતે નજીક છે, એ જ માલનો વધારે હકદાર છે, એની સરખામણીમાં કે જે કોઈ પરાયાના માટેથી નજીક હોય અને જે બતનના માધ્યમથી મૈયત સાથે વધારે નજીક હોય, તે માલનો વધારે હકદાર છે, એની સરખામણીમાં કે જે બતનથી દૂર હોય.

અને અગર કોઈ માણસ એક દીકરો, એક દીકરી અથવા કેટલાક દીકરા અને કેટલીક દીકરીઓ છોડી જાય તો બધો જ માલ એ બધાનો હશે પુરુષને બે અને સ્ત્રીને એક (ભાગ)ના હિસાબથી જ્યારે કે તેમની સાથે મરનારની પત્ની અને તેનાં માબાપ ન હોય. અને અગર એક દીકરી અને એક ભાઈ અને એક બહેન અને પોતાના દાદાને છોડીને જાય તો બધો જ માલ તેની દીકરીનો હશે, દીકરીની સાથે કોઈ વિરાસત નહીં મેળવે સિવાય દીકરા અને પત્ની અને માબાપના અને એવી જ રીતે દીકરાની સાથે પણ કોઈ વિરાસત નહીં મેળવે સિવાય પત્ની અને માબાપના જેમ કે અલ્લાહ તઆલાએ પોતાની કિતાબમાં તેનો ઝિક્ર કર્યો છે.

જમીલ બિન દર્રાજે ઝરારાથી, તેમણે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે મેં આંજનાબ (અ.)ને એવું ફરમાવતા સાંભળ્યા છે કે હઝરત અલી (અ.)એ રસૂલલ્લાહ (સ.)થી તેમના ઈલ્મની મીરાસ મેળવી અને હઝરત ફાતેમા ઝહરા (અ.)એ તેમના તર્કા (છોડી ગયેલ વસ્તુઓ)ની મીરાસ મેળવી. (૫૬૦૫)

એહમદ બિન મોહંમદ બિન અબી નસ્રએ હસન બિન મૂસા હન્નાતથી, તેમણે ફઝીલ બિન યસારથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે મેં હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)ને એવું ફરમાવતા સાંભળ્યા છે કે તેઓ ફરમાવતા હતા કે નથી, ખુદાની કસમ, નથી વિરાસત મેળવી રસૂલલ્લાહ (સ.)ની, ન તો અબ્બાસ (રઝી.અ.)એ કે ન તો અલી (અ.)એ અને ન તો સ્ત્રીઓમાંથી કોઈએ આપ (સ.)ની વિરાસત

મેળવી સિવાય ફાતેમા ઝહરા (અ.)ના અને હઝરત અલી (અ.)એ જે કંઈ લીધું હતું તે આપનું બખ્તર, વગેરે હતું, પરંતુ એ કે તેમણે આંહઝરત (સ.)નું કર્ઝ અદા કરી દીધું. પછી આપ (અ.)એ ફરમાવ્યું કે કિતાબે ખુદામાં છે કે

...وَأُولُوا الْأَرْحَامِ بَعْضُهُمْ أَوْلَىٰ بِبَعْضٍ فِي كِتَابِ اللَّهِ ...

(સૂરા અન્ફાલ, આયત-૭૫)

*(અને રિશ્તેદાર અંદરોઅંદર વધારે હક્દાર છે એકબીજાના અલ્લાહની કિતાબમાં.)* (૫૬૦૬)

બિઝનતીથી રિવાયત છે. તેમનું બયાન છે કે મેં હઝરત ઈમામ અબૂ જાફર સાની (ઈમામ હસન અસ્કરી) (અ.)ને અરજ કરી કે હું આપ (અ.) ઉપર કુરબાન થઈ જાઉં, એક માણસ મરી ગયો અને તેણે પોતાની એક દીકરી અને પોતાના એક કાકાને છોડી ગયા. આપ (અ.)એ ફરમાવ્યું, બધો માલ દીકરીનો છે, કાકાનો નથી. મેં અરજ કરી, અને એક માણસ મરી ગયો અને તેણે પોતાની એક દીકરી અને પોતાનો એક ભાઈ અથવા કહ્યું કે પોતાના ભાઈનો એક દીકરો છોડી ગયા, તો આપ (અ.) લાંબા સમય સુધી ખામોશ રહ્યા પછી ફરમાવ્યું કે માલ છોકરીના માટે છે. (૫૬૦૭)

અલી બિન હકમે અલી બિન અબી હમઝાથી, તેમણે હઝરત ઈમામ અબુલ હસન (અ.)થી રિવાયત કરી છે. એમનું બયાન છે કે મેં આંજનાબ (અ.)ને પૂછ્યું કે મારો એક પાડોશી મરી ગયો અને કેટલીય દીકરીઓ છોડી ગયો. આપ (અ.)એ ફરમાવ્યું, બધો માલ તે દીકરીનો છે. (૫૬૦૮)

અને હસન બિન મહબૂબે અલી બિન રતાબથી, તેમણે ઝરારાથી, તેમણે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી રિવાયત કરી છે એક માણસની બાબતમાં કે જે મરી ગયો અને તેણે પોતાની એક દીકરી હકીકી પોતાના મા અને બાપના તરફથી અને પોતાની એક હકીકી બહેન છોડી ગયો. તો આપ (અ.)એ ફરમાવ્યું, બધો માલ છોકરીનો છે અને મા અને બાપ તરફથી જે હકીકી બહેન છે, તેનું કંઈ નથી. (૫૬૦૯)

અને બિઝનતીએ હઝરત ઈમામ અબુલ હસન (અ.)ને પત્ર લખ્યો કે એક માણસ મરી ગયો છે અને તેણે પોતાની એક દીકરી અને પોતાનો એક ભાઈ છોડી ગયો છે. તો આપ (અ.)એ જવાબમાં લખીને ફરમાવ્યું કે અગર તેના કાકા તરફથી કોઈ ખતરો ન હોય તો બધો માલ તે છોકરીને આપી દો. (૫૬૧૦)

(મલ્લા યહઝુરુહુલ ફકીહ (ઉર્દૂ) ભાગ-૪ પેજ-૧૮૭થી૧૯૧)


**નઝીફ દાંતનું દવાખાનું**

**ડો. હુસૈનમોહંમદ વી. મોમિન** (બાદરપુર)
ડેન્ટલ સર્જન (BDS)
મોબાઈલ : ૯૯૨૪૮ ૪૫૯૧૪

**ડો. સાજેદા વી. મોમિન** (બાદરપુર)
ડેન્ટલ સર્જન (BDS)

**દાંત તથા દાંતને લગતી તકલીફોનું નિદાન અને તેની તમામ સારવારની સુવિધાઓ ઉપલબ્ધ છે.**

**::::: સમય :::::**
સવારે ૯-૦૦ થી ૧-૦૦
સાંજે ૪-૦૦ થી ૭-૩૦
રવિવારે ૧૦-૦૦ થી ૧-૦૦ (ફોન કરીને આવવું.)

**::::: સ્થળ :::::**
**૨૩, ડીવાઈન પ્લાઝા કોમ્પલેક્ષ, બસ સ્ટેશનની સામે, કમાલપુર રોડ, વડનગર, જિ.મહેસાણા.**

# આપણા ઘરની વાતો

● **કાટવાડ મુકામે બોસ્તાને તિફ્લાન "જાફરી કિડ્સ કેર"ના નવીન મકાનનું ઉદ્‌ઘાટન :**




કાટવાડ શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅતની યાદી જણાવે છે કે મક્તબા જાફરીયા સંલગ્ન ચાલી રહેલા બોસ્તાને તિફ્લાન "જાફરી કિડ્સ કેર"નું મુ.તા. ૨૪, ઝિલ્હજ–૧૪૩૫ (ઈદે મુબાહિલા)ના દિવસે સમગ્ર જમાઅતના ભાઈ બહેનો અને બાળકોની હાજરીમાં કુરઆનખ્વાની તથા ઝિક્રે મોહંમદ વ આલે મોહંમદ (અ.) કરી નવીન મકાનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ કાર્યમાં મળેલ સફળતા માટે શુક્રે ઈલાહી કરતા દુઆ અને ફાતિહાખ્વાની પછી હર્ષોલ્લાસ અને અનેરા આનંદની લાગણી સાથે બોસ્તાને તિફ્લાનનું આ નવીન મકાન જમાઅત માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

● **ઇન્નાલિલ્લાહે..:**



બાદરપુર નિવાસી **મર્હૂમા મો.સકીના ગુલામહુસૈન સુથાર** મુ.તા. ૨૯, રમઝાન-૧૪૩૫ તા.૨૭/૭/૨૦૧૪ને રવિવારના રોજ ૭૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે મર્હૂમા સ્વભાવે નેક, માયાળુ અને રહેમદિલ હતા. ⟶




⟵જેઠીપુરા નિવાસી **મર્હૂમા મો.ઝૈનબ ઈસ્માઈલભાઈ આગલોડીયા** મુ.તા. ૨૨, ઝિલ્કાદ-૧૪૩૫, તા.૧૮/૯/૨૦૧૪ને ગુરુવારના રોજ ૫૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નેક, માયાળુ અને મહેમાનનવાઝ હતાં.




બાદરપુર નિવાસી **મો.મર્હૂમા ફિરોઝાફાતેમા ઈમદાદઅલી મસી** મુ.તા. ૧, ઝિલ્હજ-૧૪૩૫, તા.૨૭/૯/૨૦૧૪ને શનિવારના રોજ નાની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. ⟶




⟵બાદરપુર નિવાસી **મર્હૂમા મો.હૂરીબેન વજીરભાઈ ખટાસીયા** મુ.તા. ૨, ઝિલ્હજ-૧૪૩૫, તા.૨૮/૯/૨૦૧૪ને રવિવારના રોજ ૭૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે માયાળુ, રહેમદિલ અને મોહંમદ વ આલે મોહંમદનાં ચાહક હતાં.




બાદરપુર નિવાસી **મર્હૂમા મો.કલીબેન શરીફભાઈ બટ્ટી** મુ.તા. ૨૮, ઝિલ્કાદ-૧૪૩૫ તા. ૨૪/૯/૨૦૧૪ને બુધવારના રોજ ૯૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે માયાળુ અને રહેમદિલ હતાં અને મોહંમદ વ આલે મોહંમદનાં ચાહક હતાં. ⟶




⟵ કિશોરગઢ નિવાસી **મર્હૂમ મો.સુલેમાનભાઈ દાવૂદભાઈ ખણશીયા** મુ.તા. ૨૩, માહે ઝિલ્કાદ-૧૪૩૫ તા.૧૯/૯/૨૦૧૪ને શુક્રવારના રોજ ટૂંકી માંદગી બાદ ૮૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે શાંત, માયાળુ અને નિખાલસ હતા. તેમણે જાદર સહકારી જીનમાં મેનેજર તરીકે લાંબા સમય સુધી અમૂલ્ય સેવાઓ આપી હતી અને તેમણે આજુબાજુના ગામોમાં હિંદુભાઈઓમાં પણ લોકચાહના મેળવી હતી. તેઓ કુટુંબીજનો પ્રત્યે ખૂબ જ સમજદારીથી વર્તન કરતા, પોતે સાદું જીવન જીવતા હતા અને નમાઝના પાબંદ હતા. તેઓ મોહંમદ વ આલે મોહંમદ તથા પીરો મુરશિદના ચાહક હતા.




કાટવાડ નિવાસી **મર્હૂમ મો.મોહંમદઅલી અમદાભાઈ ખણશીયા** મુ.તા. ૧૧, ઝિલ્હજ-૧૪૩૫ તા.૭/૧૦/૨૦૧૪ મંગળવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. ⟶



⟵ વાઘણા નિવાસી **મર્હૂમા મો.સકીનાબેન રહીમભાઈ કડીવાલ** મુ.તા. ૧૯, ઝિલ્હજ-૧૪૩૫, તા.૧૫/૧૦/૨૦૧૪ને બુધવારના રોજ ૬૬ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે માયાળુ, ઈમાનદાર, રહેમદિલ તથા આશિકે હુસૈન (અ.) અને મોહંમદ વ આલે મોહંમદનાં ચાહક હતાં. તેઓ મરસિયા પઢવાનાં બહુ જ શોખીન હતાં.



સેવાલણી નિવાસી **મર્હૂમા મો.શબાનાબેન અકબરઅલી કડીવાલ** મુ.તા. ૨૬, જમા.આખર–૧૪૩૫, તા.૨૭/૪/૨૦૧૪ને રવિવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નરમદિલ અને પીરો મુરશિદનાં ચાહક હતાં. ⟶



⟵ પીંપોદર નિવાસી **મર્હૂમ મો.નૂરભાઈ વજીરભાઈ ખરોડીયા** મુ.તા. ૯, ઝિલ્હજ–૧૪૩૫, તા.૫–૧૦–૨૦૧૪ને રવિવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મોહંમદ વ આલે મોહંમદના ચાહક અને ઈમામ હુસૈન (અ.)ના અઝાદાર હતા.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.



" Bees give it to us and
we give it to you..."
Purity is our Quality
કુદરતે આપેલી અમૂલ્ય ભેટ ...
અમે આપીશું ... શુદ્ધ અને પૌષ્ટિક મધ ...
અલગ અલગ ફુલોમાંથી મેળવેલુ મધ જેવાકે ... મીઠો લીમડો, ધાણા, દાડમ, ખેર અને મિક્સ ફુલોમાંથી બનેલ મધ ગુજરાતમાં સૌ પ્રથમવાર હિંમતનગર શહેરમાં ...
એપીસ ડીવાઇન હની શોપ
મધ હવે કુદરતી ફ્લેવર્સમાં પણ ઉપલબ્ધ ...
honey
ડીલરશીપ આવકાર્ય છે.
મલ્ટી ફ્લોરા
મીઠો લીમડો
ધાણા
દાડમ
ખેર
Apis Divine Honey
Mfg & Pkd. By : Zaheer Bag, At. Maherpura, Po. Dedharota, Ta. Himmatnagar, Dist. Sabarkantha,Pin-383220. Gujarat, India.
OFFICE : Nr. Rotary Club Circle, Nyay Mandir, Opp. LIC Office, Himmatnagar 383001. Mobile : +91 94262 83440 | 96713 49444
Email : apisdivine@gmail.com

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૧૦૦/- મોમિન ગુલામઅબ્બાસ ગુલામહુસૈન કઠોરવાલા (જોગેશ્વરી-મુંબઈ) તરફથી અલ્હાજ પીર સૈયદ મોહંમદ મહેરહુસૈન બાવા (રહે.અ.) તથા મર્હૂમ મોલ્વી હાજી ગુલામહુસૈન કમાલભાઈ તેમજ મર્હૂમા હાજીયાણી ખતીજા હાજી ગુલામહુસૈનની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા મો.ઝૈનબબેન ઈસ્માઈલભાઈ આગલોડીયા (જેઠીપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૦૦/- મો.ઈસ્માઈલભાઈ નૂરભાઈ આગલોડીયા
રૂા.૧૦૦/- મો. મોહંમદઅલી નૂરભાઈ આગલોડીયા
રૂા.૧૦૦/- મો.જાફરઅલી ઈસ્માઈલભાઈ આગલોડીયા
રૂા.૧૦૦/- મો.હુસૈના હસનઅલી આગલોડીયા
રૂા.૧૦૦/- મો.મહેરબાનુ સાજિદઅલી દાવડા
રૂા.૧૦૦/- મો.સકીના અબ્બાસભાઈ સુરપુરા
રૂા.૧૦૦/- મો.કુલસૂમ તાલિબઅલી ખરોડીયા
રૂા.૧૦૦/- મો.ફાતમા શેરઅલી વિજાપુરા

રૂા.૫૦૦/- મર્હૂમા મો.અમીના ગુલામહુસૈન સુથાર (બાદરપુર)ના પરિવારજનો તરફથી મર્હૂમાની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા મો.ફિરોઝાફાતમા ઈમદાદઅલી મસી (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે.**

રૂા.૧૦૦/- મો.ઈસ્માઈલભાઈ દાવૂદભાઈ મસી
રૂા.૧૦૦/- મો.સકીના ઈસ્માઈલભાઈ મસી
રૂા.૧૫૧/- મો.ઈમદાદઅલી ઈસ્માઈલભાઈ મસી
રૂા.૧૫૧/- મો.મન્સૂરા ઈમ્દાદઅલી મસી
રૂા.૫૦/- મો.અન્વરઅલી ઈસ્માઈલભાઈ મસી
રૂા.૫૦/- મો.મોહસિનઅલી અન્વરભાઈ મસી
રૂા.૫૦/- મો.શબ્બીરભાઈ હબીબભાઈ વઘવાડીયા
રૂા.૫૦/- મો.હુસૈના શબ્બીરભાઈ વઘવાડીયા
રૂા.૫૦/- મો.ઝાકેરાફાતમા શબ્બીરભાઈ વઘવાડીયા
રૂા.૫૦/- મો.શાકિરઅલી હસનભાઈ મસી
રૂા.૫૦/- મો.યૂસુફભાઈ દાવૂદભાઈ મસી
રૂા.૧૦૧/- મો.યૂસુફભાઈ કરીમદભાઈ કલુશીયા
રૂા.૫૧/- મો.અમીના યૂસુફભાઈ કલુશીયા
રૂા.૧૦૦/- મો.હલીબેન ઈસ્માઈલભાઈ ઢાબરા
રૂા.૫૦/- મો.કમરઅહેમદ યૂસુફભાઈ કલુશીયા
રૂા.૫૦/- મો.હુસૈના મહંમદઅલી ઢાબરા
રૂા.૫૦/- મો.તાહિરા શબ્બીરભાઈ મસી
રૂા.૫૦/- મો.શાકેરા અન્વરઅલી મસી

**મર્હૂમા મો.હૂરીબેન વજીરભાઈ ખટાસીયા (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે.**

રૂા.૫૦૧/- મો.વજીરભાઈ નૂરાભાઈ ખટાસીયા
રૂા.૧૦૧/- મો.તાલિબઅલી વજીરભાઈ ખટાસીયા
રૂા.૧૦૧/- મો.અકબરઅલી વજીરભાઈ ખટાસીયા
રૂા.૧૦૧/- મો.વારિસઅલી તાલિબઅલી ખટાસીયા
રૂા.૧૦૧/- મો.ઝાકિરહુસૈન તાલિબઅલી ખટાસીયા
રૂા.૧૦૧/- મો.તાહિરઅલી અકબરઅલી ખટાસીયા
રૂા.૧૦૧/- મો.શાકિરઅલી અકબરઅલી ખટાસીયા
રૂા.૧૦૧/- મો.સુગરા અકબરઅલી ખટાસીયા
રૂા.૧૦૧/- મો.આબેદા અકબરઅલી ખટાસીયા
રૂા.૧૦૧/- મો.ઝૈનબ ઈસ્માઈલભાઈ બુશાળ
રૂા.૧૦૧/- મો.હાજરા કમ્બરઅલી રાબડી
રૂા.૧૦૧/- મો.ફાતમા અલીરઝા નાથામેઠા
રૂા.૧૦૧/- મો.હુસૈના તાલિબભાઈ ભાણી

**રૂા.૨૩૭૨/- મર્હૂમા મો.કલીબેન શરીફભાઈ**

**બટ્ટી (બાદરપુર)ના કુટુંબીજનો તરફથી મર્હૂમાની રૂહના સવાબ અર્થે.**

**મર્હૂમ મો.સુલેમાનભાઈ દાવૂદભાઈ ખણશીયા (કિશોરગઢ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશનની યાદી.**

રૂા.૫૦૦/- મો.મોહંમદઅલી સુલેમાનભાઈ ખણશીયા
રૂા.૫૦૦/- મો.નજરઅલી સુલેમાનભાઈ ખણશીયા
રૂા.૧૦૦/- મો.રહીમબેન મોહંમદઅલી ખણશીયા
રૂા.૧૦૦/- મો.ખાદિમહુસૈન મોહંમદઅલી ખણશીયા
રૂા.૧૦૦/- મો.મહદીહસન મોહંમદઅલી ખણશીયા
રૂા.૧૦૦/- મો.આબેદા ખાદિમહુસૈન ખણશીયા
રૂા.૧૦૦/- મો.આબેદા મહદીહસન ખણશીયા
રૂા.૧૦૦/- મો.અકબરહુસૈન ગુલામમોહંમદ રાજપુરા
રૂા.૧૦૦/- મો.હુસૈના અકબરહુસૈન રાજપુરા
રૂા.૧૦૦/- મો.નજરઅલી અબ્બાસભાઈ ખરોડીયા
રૂા.૧૦૦/- મો.સાજેદા નજરઅલી ખરોડીયા
રૂા.૧૦૦/- મો.રશીદાફાતમા ખાદિમહુસૈન ખણશીયા
રૂા.૨૦૦/- મો.નશીરભાઈ ઈબ્રાહીમભાઈ નુરભાણેજ

રૂા.૫૦૦/- મો.તાલિબઅલી ગનીભાઈ મસી (ઈલોલ તલાવ) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

૧૦૦૦/- મો.તાલિબઅલી ગનીભાઈ મસી (ઈલોલ તલાવ) તરફથી તેમના મર્હૂમ કુટુંબીજનોની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો.મોહંમદઅલી અમદાભાઈ ખણશીયા (કાટવાડ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૩૦૦/- મો.અહમદહુસૈન મોહંમદઅલી ખણશીયા
રૂા.૧૦૦/- મો.શહરબાનુ મોહંમદઅલી ખણશીયા
રૂા.૧૦૦/- મો.રશીદા અહમદહુસૈન ખણશીયા
રૂા.૧૦૦/- મો.શરીફભાઈ અમદાભાઈ ખણશીયા
રૂા.૫૦/- મો.ફાતમા શરીફભાઈ ખણશીયા
રૂા.૫૦/- મો.ગુલામમોહંમદ શરીફભાઈ ખણશીયા
રૂા.૫૦/- મો.આબેદા ગુલામમોહંમદ ખણશીયા
રૂા.૫૦/- મો.ઈમ્દાદઅહમદ ગુલામમોહંમદ ખણશીયા
રૂા.૫૦/- મો. સાજેદા હૈદરઅબ્બાસ મસી
રૂા.૧૦૦/- મો.અહમદઅલી નજરઅલી ખણશીયા
રૂા.૧૦૦/- મો.શાકેરાબાનુ અહમદઅલી ખણશીયા
રૂા.૫૦/- મો.મોહંમદઅર્શદ અહમદઅલી ખણશીયા
રૂા.૧૦૦/- મો.તાલિબઅલી અમદાભાઈ ખણશીયા
રૂા.૫૦/- મો.શીરીન તાલિબઅલી ખણશીયા
રૂા.૫૦/- મો.સકીના તાલિબઅલી ખણશીયા
રૂા.૫૦/- મો.મહેબૂબઅલી તાલિબઅલી ખણશીયા
રૂા.૫૦/- મો.કનીઝફાતેમા આબિદઅલી કોવડીયા
રૂા.૧૦૦/- મો.કુલસૂમ ઈસ્માઈલભાઈ આગલોડીયા
રૂા.૫૦/- મો.હસનઅલી શરીફભાઈ ખણશીયા
રૂા.૫૦/- મો.હુસૈના હસનઅલી ખણશીયા
રૂા.૫૦/- મો.કુલસૂમ ગુલામભાઈ ખણશીયા
રૂા.૫૦/- મો.મોહંમદઅલી હસનઅલી ખણશીયા
રૂા.૧૦૦/- મો.ફાતેમા જલાલભાઈ આગલોડીયા

રૂા.૫૦૦/- મર્હૂમ મો.નૂરભાઈ વજીરભાઈ ખરોડીયા (પીંપોદર)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી મળેલ ડોનેશન.

રૂા.૫૫૦/- શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅત (કાટવાડ) તરફથી "જાફરી કિડ્સ કૅર"ના નવીન મકાનનું ઉદ્‌ઘાટન કર્યું તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૧/- મો.ગુલામહુસૈન હબીબભાઈ સુણસરા (વાધણા) તરફથી મર્હૂમા મો.ફિઝાબેન ગુલામહુસૈન સુણસરાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૧/- મો.રહીમભાઈ રસૂલ થરાદરા તરફથી મર્હૂમા મો.શબાનાબેન અકબરઅલી કડીવાલ (સેવાણી)ની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા મો.સકીનાબેન રહીમભાઈ કડીવાલ (વાધણા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૫૦/- મો.રહીમ દોસન કડીવાલ
રૂા.૨૫૦/- મો.મંજૂરઅલી રહીમ કડીવાલ
રૂા.૨૫૦/- મો.ખૈરૂનબેન મંજૂરઅલી કડીવાલ
રૂા.૧૦૦/- મો.મહેબૂબઅલી મંજૂરઅલી કડીવાલ
રૂા.૧૦૦/- મો.અહેસાનઅલી મંજૂરઅલી કડીવાલ
રૂા.૫૦/- મો.મોહસિનઅલી મંજૂરઅલી કડીવાલ
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન મહંમદઅલી મુખી
રૂા.૧૦૦/- મો.સુગરાબેન અકબરઅલી અલજી
રૂા.૧૦૦/- મો.આબેદાબેન હૈદરઅબ્બાસ સુણસરા
રૂા.૧૦૦/- મો.મદદઅલી સુલેમાન કડીવાલ
રૂા.૫૦/- મો.નજમાબેન મદદઅલી કડીવાલ
રૂા.૫૦/- મો.રાજુબેન સુલેમાન કડીવાલ
રૂા.૨૫/- મો.રહીમાફાતેમા મદદઅલી કડીવાલ
રૂા.૨૫/- મો.સાદેકાફાતેમા મદદઅલી કડીવાલ



**ફોન : ૨૫૬૨૦૧૮૦**
**મો. ૯૪૨૬૩૨૮૫૭૦**
**મો. ૯૮૯૮૬૬૭૭૪૧**

**સરહિંદ**

**રેફ્રીજરેશન સર્વિસ**

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

**મળો જૂના અને જાણીતા**
☞ **બશીરભાઈ**
**દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,**
**આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.**



The Fastest Growing Gadget Brand

Products Available In All Leading Gadget Stores

@E ARTELLECT step to next level

For Distribution Enquiries
sales@artellect.in +91 81403 45440

We Are Always On The Look For Dynamic Professionals Of Our Futuristic Company.
For Careers, Contact at operations@smartinfocomm.com

www.smartinfocomm.com

FURAT GLASS

# ફુરાત ગ્લાસ

- ડીઝાઈનીંગ ગ્લાસ
- ટફન ગ્લાસ
- કિલચર ગ્લાસ
- મીરર ગ્લાસ
- વનવે ગ્લાસ

દરેક પ્રકારના ગ્લાસ મળશે.

કાચ ના વેપારી.....

**સીરાજઅહેમદ આગલોડીયા**

મો. ૯૯૨૫૭૭૭૯૮૭

Order taken From All over Gujarat

: શુભ સ્થળ :
હિંમતનગર –ઈડર રોડ, હાથમતી પુલ પાસે,
હોટલ પેરેમાઉન્ટની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.

AN ISO 9001:2008 CERTIFIED COMPANY

Tastea Anand™

NAMKEEN

# આનંદ નમકીન

કાકોશી ચાર રસ્તા,
નવજીવન હોટલની બાજુમાં,
સિધ્ધપુર-૩૮૪૧૫૧,
જી. પાટણ, (ઉ.ગુ.)

## સિધ્ધપુરનું પ્રખ્યાત

100 % Veg.

- નવરતન મીક્ષ
- તીખું ચવાણું
- રતલામી સેવ
- મોળી સેવ
- વટાણા
- ભાખરવડી
- ગાંઠીયા
- પાપડી
- કચોરી
- દાળ મુઠ
- ખાખરા
- શક્કરપારા
- સ્પે. ભેળ
- ફુલવડી
- સીંગ ભજીયા
- ફરાળી ચેવડો
- ચણાદાળ
- મોગર દાળ
- સ્પે ચવાણું
- મરી ગાઠીયા
- આલુ સેવ
- ફ્રાઈમ્સ

**મીજલીસના ન્યાજ માટે તેમજ શુભ પ્રસંગે વ્યાજવી ભાવે ફરસાણ મળશે.**

www.tasteaanand.com Ph.: (02767) 225393 Mob : 9925637464

અહેસાન અલી (પીપોદર વાળા)
Mo. 9979785530 | 9427079657

# ન્યુ ગુજરાત ટ્રેડર્સ

નટબોલ્ટ, વેલ્ડીગ, J હુક, L હુક, જસ્તીખીલા, કાંટાતાર, મચ્છરજાળી, રેડઓકસાઇડ, ઓઇલ પેન્ટ કલર, તગારા, પાવડા, ત્રીકમ, કોદાળી, ખાંડી, સાંકળ તેમજ તમામ પ્રકારના લોખંડ હાર્ડવેર અને સુતર દોરડા, વાણ,પ્લાસ્ટીક પાટી, સુતર પાટી, કાથી તથા ખેતી ઉપયોગી દરેક ઓજારના છૂટક તથા હોલ સેલ વહેપારી.

લોખંડ હાર્ડવેરને લગતા તમામ પ્રકારના હોલસેલ વહેપારી

સુવેરા શોપીગ સેન્ટર, દેના બેંકની નીચે, ડૉ. ગાંધી રોડ, હિંમતનગર

આબિદઅલી મુખી ૯૯૭૯૦૮૮૦૧૮
દુકાન ૯૦૩૩૧૨૭૪૦

# યાદગાર હોજીયરી

નાઈટી, ટી–શર્ટ, કેપરી, હાથ રૂમાલ, બનીયાન, અંડરવેર, ગમછા, સોલાપુરી ચાદર, લુંગી, પગમોજા હોસેલ ભાવે મળશે.

જુમ્આ મસ્જિદની સામે, બગડીયા માર્કેટ, પહેલા માળે, સન્માન હોટલની બાજુમાં, ગાંધી રોડ (ફુવારા), અમદાવાદ-૩૮૦૦૦૧

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ
અસ્સલામો અલૈકુમ

# અલ ઈમાન ટૂર

ઉમ્રહ અને ઝિયારત માટે ઈન્શાઅલ્લાહ ફેબ્રુઆરી–માર્ચ અને મે–જૂન ૨૦૧૫નું આયોજન કરેલ છે. તો ઉમ્રહ અને ઝિયારત માટે નેક તમન્ના રાખતા દરેક મોમિન ભાઈબહેનો નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી.

**ભૂરા મોહંમદહુૈન વી.**
મુ.પો. ઈલોલ (તલાવ)
તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા – ૩૮૩૨૨૦
મોબાઈલ : ૯૮૭૯૫ ૫૮૬૭૦
૯૪૨૯૭ ૫૬૧૪૩